૧

# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૨ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૧૮











तहां इन्द्र सुर ही जाय पूजैं मनुष को मौसर कहां,
इम जान नंदीश्वर तने जिनथान अर्घ जजो इहां।



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● યહાં કોઈ પ્રશ્ન કરે કિ રૌદ્રધ્યાન પાંચવેં ગુણસ્થાનમેં કહા સો સિદ્ધાંતમેં પાંચવેં ગુણસ્થાનમેં લેશ્યા તો શુભ કહી હૈ ઔર નરક આયુકા બંધ ભી નહીં હૈ સો પંચમ ગુણસ્થાનમેં રૌદ્રધ્યાન કૈસે હો ? ઉત્તર :—યહ રૌદ્રધ્યાનકા વર્ણન પ્રધાનતાસે મિથ્યાત્વકી અપેક્ષા હૈ. પાંચવે ગુણસ્થાનમેં સમ્યક્ત્વકી સામર્થ્યસે ઐસે રૌદ્રપરિણામ નહિ હોતે. કુછ ગૃહકાર્યસે કિંચિત્ લેશમાત્ર હોતા હૈ ઉસકી અપેક્ષા કહા હૈ સો યહ નરકગતિકા કારણ નહિ હૈ. ૧૬૮૩.

(શ્રી શુભતચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨૨, શ્લોક-૩૬)

● જો કોઈ અપને આત્માકે હિતકા કામ છોડકર, ચિત્તમેં મમતાભાવમેં લીન હોકર, દૂસરોંકે કાર્યોંમેં હી રત હો જાતા હૈ વહ અપને આત્મહિતકો નાશ કર દેગા. ૧૬૮૪. (શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૫૭)

● જેવી રીતે, કોઈએ ધન કમાઈને ઘરમાં રાખ્યું હતું, પછી તેના પ્રત્યે મમત્વ છોડ્યું ત્યારે તેને ભોગવવાનો અભિપ્રાય ન રહ્યો, તે વખતે ભૂતકાળમાં જે ધન કમાયો હતો તે નહિ કમાયા સમાન જ છે, તેવી રીતે જીવે પહેલાં કર્મ બાંધ્યું હતું, પછી જ્યારે તેને અહિતરૂપ જાણીને તેના પ્રત્યે મમત્વ છોડ્યું અને તેનાં ફળમાં લીન ન થયો, ત્યારે ભૂતકાળમાં જે કર્મ બાંધ્યું હતું તે નહિ બાંધ્યા સમાન મિથ્યા જ છે. ૧૬૮૫. (શ્રી સમયસાર, શ્લોક-૨૨૨નો ભાવાર્થ)

● શ્રુતિ (આગમજ્ઞાન), બુદ્ધિ, બલ, વીર્ય, પ્રેમ, સુંદરતા, આયુ, શરીર, કુટુંબીજન, પુત્ર, સ્ત્રી, ભાઈ ઔર પિતા આદિ સબ હી ચાલનીમેં સ્થિત પાનીકે સમાન સ્થિર નહીં હૈં—દેખતે દેખતે હી નષ્ટ હોનેવાલે હૈ. ઈસ બાતકો પ્રાણી દેખતા હૈ, તો ભી ખેદકી બાત હૈ કિ વહ મોહવશ આત્મકલ્યાણકો નહીં કરતા હૈ. ૧૬૮૬.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૮)

● જુઓ તો ખરા આ દેહ, સ્નાન અને સુગંધી વસ્તુઓ વડે સુધારતા હોવા છતાં પણ તથા અનેક પ્રકારના ભોજનાદિ ભક્ષ્યો વડે પાલન કરતા હોવા છતાં પણ જલ ભરેલા કાચા ઘડાની માફક ક્ષણમાત્રમાં વિલય પામી જાય છે. ૧૬૮૭.

(સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૯)

વર્ષ–૧૨
અંક–૧૧




વિ. સંવત
૨૦૭૪
July
A.D. 2018



## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




### માટીની જેમ અનન્ય

માટીના વાસણોની ભિન્ન-ભિન્ન અવસ્થામાં માટી તો માટીરૂપે અનન્ય જ છે.

જેમ માટીનો ઘડો, કમંડળ, ઝારી, રામપાત્ર આદિ ભિન્ન-ભિન્ન અવસ્થાઓમાંથી જોતાં માટીની પર્યાયમાં તે–રૂપ ભિન્ન-ભિન્ન કાર્યો છે તેથી તેઓ સત્યાર્થ છે, ભૂતાર્થ છે, ભિન્ન-ભિન્ન અવસ્થાદૃષ્ટિથી દેખતાં ભિન્ન-ભિન્ન કાર્યો છે ખરા, માટે તેઓ ભૂતાર્થ છે, તોપણ માટીના એકરૂપ સ્વભાવની દૃષ્ટિથી જોતાં, માટીના એક સ્વરૂપને દેખતાં ભિન્ન-ભિન્ન કાર્યરૂપ અવસ્થા માટીમય એકરૂપ સ્વભાવમાં દેખાતી નથી માટે તે અભૂતાર્થ છે, જૂઠી છે. માટીને તેના એકમાટીરૂપ સ્વરૂપથી જોતાં વાસણરૂપ ભેદો તેમાં દેખાતા ન હોવાથી ભિન્ન-ભિન્ન અવસ્થારૂપ કાર્યો જૂઠાં છે, અભૂતાર્થ છે.

તેવી રીતે, આત્મામાં નર, નારક આદિ ગતિરૂપ-આત્માની યોગ્યતારૂપ-પર્યાયદૃષ્ટિથી જોતાં અનેરા અનેરા ભાવો—અવસ્થાઓ સત્યાર્થ છે, ભૂતાર્થ છે. પર્યાયદૃષ્ટિથી જોતાં પર્યાયોના બીજા-બીજાપણારૂપ અવસ્થાઓ સત્યાર્થ છે. તોપણ, નર-નારકાદિ પર્યાયોરૂપ નહીં થતા જ્ઞાયક....જ્ઞાયક....જ્ઞાયકરૂપ એક સ્વભાવનો અનુભવ

> **શુભ કે અશુભ રસ જેહ તે ‘તું ચાખ મુજને’ નવ કહે,**
> **ને જીવ પણ ગ્રહવા ન જાયે રસનગોચર રસ અરે! ૩૭૮.** **–શ્રી સમયસાર**

કરતાં નર-નારકાદિ પર્યાયોનું અન્ય-અન્યપણું અભૂતાર્થ છે, જૂઠું છે. ત્રણેકાળે પર્યાયભેદોથી જરાય ભેદરૂપ નહીં થતા એવા અસ્ખલિત એક ચૈતન્યાકાર આત્મસ્વભાવનો અનુભવ કરતાં અર્થાત્ એવા આત્મસ્વભાવની દૃષ્ટિ કરતાં ગતિરૂપ અન્ય-અન્યપણું અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. પર્યાયદૃષ્ટિથી જોતાં ગતિરૂપ અન્યપણું ભૂતાર્થ હોવા છતાં તેમાં આત્મા ખંડ-ખંડ જણાય છે, અખંડ જણાતો નથી, માટે તેઓ અભૂતાર્થ છે.

એક અખંડ ચૈતન્યાકાર આત્મસ્વભાવની સમીપ જઈને જોતાં—એટલે કે અનાદિથી પર્યાયનું લક્ષ હોવાથી આત્માની સમીપ જઈ શક્યો નથી, હવે પર્યાયનું લક્ષ છોડીને આત્માનું લક્ષ કરતાં આત્માની સમીપ થયો ત્યારે આત્મસ્વભાવનો અનુભવ થતાં—અન્ય-અન્યરૂપ પર્યાયભેદો અભૂતાર્થ છે. પર્યાયભેદો પર્યાયમાં ભલે હો, ભેદ ભેદમાં ભલે હો, પરંતુ અભેદની દૃષ્ટિ કરતાં અભેદમાં ભેદ અવિદ્યમાન હોવાથી પર્યાયભેદો અભૂતાર્થ છે, જૂઠા છે.

એ રીતે દ્રવ્યસ્વભાવમાં પર્યાયોનું અન્ય—અન્યપણું અભૂતાર્થ હોવાથી, વર્તમાનમાં જ આત્મા અનન્ય છે, માટે તે અનન્યસ્વભાવરૂપ આત્માની અનુભૂતિ થઈ શકે છે.

## સમુદ્રની માફક નિયત

ભરતી-ઓટરૂપ અવસ્થામાં પણ સમુદ્ર તો અચળ-નિયત સ્વભાવે જ રહ્યો છે.

સમુદ્રને અવસ્થાદૃષ્ટિથી જોતાં એટલે કે પૂર્ણિમાના દિવસે સમુદ્રમાં ભરતી આવે છે અને અમાસના દિવસે સમુદ્રમાં ઓટ આવે છે એવી સમુદ્રની ભરતી-ઓટરૂપ અવસ્થાદૃષ્ટિથી જોતાં અનિયતપણું (અનિશ્ચળપણું-ચળાચળપણું) સત્યાર્થ છે, ભૂતાર્થ છે, તોપણ ભરતી-ઓટરૂપ અવસ્થા વડે અગાધ, નિશ્ચળ સમુદ્ર ખ્યાલમાં આવી શકતો નથી. વળી નિયત-સ્થાયી એવા સમુદ્રના સ્વભાવની દૃષ્ટિથી જોતાં સમુદ્ર તો સદાય ચળાચળ રહિત નિયત સ્વભાવથી જ છે, તેથી હાનિ-વૃદ્ધિરૂપ અવસ્થાઓ, અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, જૂઠી છે.

તેવી રીતે, નવ-પૂર્વ અને અગિયાર-અંગના ક્ષયોપશમરૂપ જ્ઞાનની અવસ્થાના લક્ષે જોતાં વૃદ્ધિરૂપી પર્યાય ભૂતાર્થ છે, તથા નિગોદના જીવને અક્ષરના અનંતમા

> શુભ કે અશુભ જે સ્પર્શ તે 'તું સ્પર્શ મુજને' નવ કહે,
> ને જીવ પણ ગ્રહવા ન જાયે કાયગોચર સ્પર્શને; ૩૭૯. —શ્રી સમયસાર

ભાગરૂપ જ્ઞાનનો ક્ષયોપશમ છે તે અવસ્થાથી જોતાં હાનિરૂપ પર્યાય ભૂતાર્થ છે. એ રીતે હાનિ-વૃદ્ધિરૂપ પર્યાયભેદોથી આત્માનો અનુભવ કરતાં અનિયતપણું ભૂતાર્થ છે, સત્યાર્થ છે. પર્યાયમાં હાનિ-વૃદ્ધિરૂપ ભેદો છે ખરા, માટે પર્યાયદૃષ્ટિથી જોતાં અનિયતપણું ભૂતાર્થ છે, સત્યાર્થ છે. તોપણ, એક નિત્ય-નિશ્ચલ, નિત્ય વ્યવસ્થિત આત્મસ્વભાવની સમીપ જઈને આત્માનો અનુભવ કરતાં હાનિવૃદ્ધિરૂપ પર્યાયભેદો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, જ્યાં સુધી અનિયતપણાની રુચિ હતી, લક્ષ હતું, ત્યાં સુધી આત્માથી દૂર હતો. હવે જ્યારે અનિયતપણાની રુચિ છોડીને તેનાથી ભિન્ન પડીને નિયતસ્વભાવની સમીપ જઈને એટલે કે સન્મુખ દૃષ્ટિ કરીને આત્મસ્વભાવનો અનુભવ કર્યો ત્યારે હાનિ-વૃદ્ધિરૂપ પર્યાયભેદો-અનિયતપણું અભૂતાર્થ, અસત્યાર્થ ભાસ્યું, કારણ કે નિયતસ્વભાવની દૃષ્ટિ કરતાં તેઓ દેખાતા નથી.

એ રીતે અનિયત પર્યાયોનું અભૂતાર્થપણું હોવાથી વર્તમાનમાં જ આત્મા નિયત છે તેવી અનુભૂતિ થઈ શકે.

## સુવર્ણની જેમ અવિશેષ

જેમ પીળાશ, ચીકાશ, ભારેપણું આદિ ગુણરૂપ ભેદોથી સુવર્ણને દેખતાં વિશેષપણું સત્યાર્થ છે, ભૂતાર્થ છે, કારણ કે પીળાશ, ચીકાશ, ભારેપણું આદિ વિશેષગુણો સુવર્ણ સિવાય અન્ય પદાર્થમાં નથી. તોપણ ગુણ-ભેદોથી દેખતાં સામાન્ય સુવર્ણસ્વભાવ જાણી શકાતો નથી. વળી જેમાં સર્વ વિશેષો વિલય થઈ ગયા છે, ગૌણ થઈ ગયા છે એવા સામાન્ય સુવર્ણસ્વભાવની દૃષ્ટિથી જોતાં વિશેષો દેખાતાં નથી તેથી તે અસત્યાર્થ છે, અભૂતાર્થ છે.

તેવી રીતે, જ્ઞાન-દર્શન આદિ ગુણરૂપ ભેદોથી આત્માને દેખતાં તે વિશેષો-ગુણ-ભેદો સત્યાર્થ છે, ભૂતાર્થ છે, કારણ કે બીજા પાંચ દ્રવ્યોમાં આ વિશેષ ગુણો નથી ને આત્મામાં છે તેથી તેઓ સત્યાર્થ છે. તોપણ આત્માને વિશેષપણે ગુણભેદરૂપ દેખતાં તેનો એક સામાન્ય આત્મસ્વભાવ જાણી શકાતો નથી, માટે તેઓ અભૂતાર્થ છે. ગુણભેદો જેમાં વિલય-ગૌણ-અસ્ત થઈ ગયા છે એવા અભેદ એક સામાન્ય ચૈતન્યસ્વભાવના લક્ષે આત્માનો અનુભવ કરતાં ગુણભેદરૂપ વિશેષો અભૂતાર્થ છે, જૂઠા છે, અભેદ આત્માનો અનુભવ કરતાં ભેદો દેખાતાં નથી તેથી તેઓ અભેદમાં અવિદ્યમાન હોવાથી અસત્યાર્થ છે.

**શુભ કે અશુભ જે ગુણ તે 'તું જાણ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર ગુણને; ૩૮૦.　　–શ્રી સમયસાર**

જેમ કોઈ સોનાનાં ઘરેણાં સોનાના કારીગર પાસે વેચવા જાય તો કારીગર ઘરેણાંની ઘડાઈ તથા મજૂરીની કિંમત આંકતો નથી પણ માત્ર શુદ્ધ સોનાની કિમત આંકે છે. તેમ જ્ઞાનીની દૃષ્ટિમાં જ્ઞાયકભાવ હોવાથી, જ્ઞાન-દર્શનાદિ ગુણભેદ હોવા છતાં જ્ઞાનીની દૃષ્ટિ વિશેષ પર નહીં હોવાથી તે એક અભેદ જ્ઞાયકભાવને અનુભવે છે. તેથી જ્ઞાનીની દૃષ્ટિમાં જ્ઞાયકભાવ જ ભૂતાર્થ છે ને જ્ઞાન-દર્શન આદિરૂપ વિશેષો અભૂતાર્થ છે.

એ રીતે વિશેષપણું અભૂતાર્થ હોવાથી વર્તમાનમાં જ આત્મા અવિશેષ છે એવી અનુભૂતિ થઈ શકે છે.

## જળની જેમ અસંયુક્ત

ઉષ્ણ અવસ્થા વખતે પણ પાણી સ્વભાવે શીતળ જ છે

પાણીની પર્યાયમાં તેના ષટ્કારક દ્વારા, અગ્નિના નિમિત્તે ઉષ્ણતારૂપ અવસ્થા થાય છે, તેથી અવસ્થાદૃષ્ટિથી જોતાં પાણીની ઉષ્ણતા સાથે સંયુક્તપણું છે, તેથી તે ભૂતાર્થ છે. અગ્નિનું નિમિત્ત પામીને પર્યાયમાં પોતાના ષટ્કારક દ્વારા પાણી ઉષ્ણરૂપે થાય છે તેથી અવસ્થાદૃષ્ટિથી દેખતાં પાણીને ઉષ્ણતા સાથે સંયુક્તપણું ભૂતાર્થ છે. તોપણ, પાણીની પર્યાયમાં વર્તતી ઉષ્ણતાના કાળે જ એકાંત શીતળતારૂપ જળસ્વભાવની દૃષ્ટિથી જોતાં પાણીને ઉષ્ણતા સાથે અસંયુક્તપણું છે. એટલે કે સંયુક્તપણું અભૂતાર્થ છે. કારણ કે ગરમ અવસ્થા વખતે ઉષ્ણતાપણું જો પાણીના સ્વભાવમાં પેસી જતું હોય તો ઉષ્ણજળને અગ્નિ પર રેડવાથી અગ્નિ બુઝાઈ ન જાય, પરંતુ પાણીમાં શીતળસ્વભાવ-બૂઝવવાનો સ્વભાવ સદાય વિદ્યમાન હોવાથી અગ્નિને બુઝવી નાખે છે. તેથી એકાંત શીતળસ્વભાવી જળને ઉષ્ણતા સાથે સંયુક્તપણું અભૂતાર્થ-અસત્યાર્થ સિદ્ધ થાય છે.

તેવી રીતે, કર્મનું નિમિત્ત પામીને થતા મિથ્યાત્વના કારણે-મોહના કારણે પર્યાયમાં પુણ્ય-પાપરૂપ વિકારીભાવ પર્યાયમાં વિદ્યમાન હોવાથી તે સત્યાર્થ છે. ભૂતાર્થ છે. પર્યાયદૃષ્ટિથી આત્માને જોતાં આત્માને વિકારીભાવ સાથે સંયુક્તપણું સત્યાર્થ છે, ભૂતાર્થ છે. તોપણ, વિકૃતભાવ હોવા છતાં ત્યાંથી દૃષ્ટિ ઉઠાવીને એકાંતે બોધરૂપ જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ કરતાં એક જ્ઞાનસ્વભાવનો અનુભવ થાય છે, વિકારનો અનુભવ થતો નથી, માટે તેઓ અભૂતાર્થ છે. એટલે કે ત્રિકાળ બોધરૂપ (જ્ઞાનસ્વરૂપ) જીવસ્વભાવની દૃષ્ટિ કરતાં આત્માને કર્મજનિત પુણ્ય-પાપરૂપ વિકૃતભાવ સાથે અસંયુક્તપણું છે, સંયુક્તપણું નથી તેથી સંયુક્તપણું અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, જૂઠું છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)

**શુભ કે અશુભ જે દ્રવ્ય તે 'તું જાણ મુજને' નવ કહે,**
**ને જીવ પણ ગ્રહવા ન જાયે બુદ્ધિગોચર દ્રવ્યને. ૩૮૧.　　–શ્રી સમયસાર**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૯-૫-૪૪, મંગળવાર) વ્યાખ્યાન નં. ૧૯
(ગાથા ૧૮)

હવે, જીવના કર્તાભોક્તા સંબંધી ઉપર જે છ પ્રકારો કહ્યા તેનું વિસ્તારથી સ્પષ્ટીકરણ અનુક્રમે કરે છે. ૧—નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી આત્મા દ્રવ્યકર્મનો કર્તાભોક્તા છે. જેવા શુભ કે અશુભભાવ જીવ કરે તેવાં જ જડકર્મ બંધાય છે, તે જડકર્મ આત્માની નજીક—એકક્ષેત્રસંબંધે છે માટે 'નિકટવર્તી અનુપચરિત', આત્મામાં તે કર્મો નથી માટે 'અસદ્‌ભૂત' અને જડકર્મનું કર્તાપણું તે આત્માનો સ્વભાવ નથી પરંતુ આત્મા નિમિત્તરૂપ છે તે નિમિત્તમાં કર્તાપણાનો ઉપચાર કર્યો છે માટે 'વ્યવહાર' અને તે ઉપચારને જ્ઞાની જાણે છે માટે 'નય'—આ રીતે 'નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનય' થી આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે. આમાં રાગનું અને કર્મનું બંનેનું જ્ઞાન આવી જાય છે. 'કર્મ નથી' એમ કોઈ કહે તો તે વાત ખોટી છે, કેમ કે જો કર્મ ન જ હોય તો પોતાના સ્વભાવથી આત્મામાં રાગાદિ અશુદ્ધતા હોય નહિ એટલે નિર્મળતા જ હોવી જોઈએ, પણ વર્તમાન રાગાદિ તો થાય છે તેથી તેમાં નિમિત્તરૂપ જડકર્મ પણ છે, અને જીવમાં રાગાદિ પણ છે, કેમકે જો રાગ ન હોય તો પરલક્ષ ન હોય; આ રીતે રાગ અને જડકર્મ બંને છે, પણ આત્માને જડ કર્મનો કર્તા કહેવો તે ઉપચાર અર્થાત્ વ્યવહાર છે.

આત્મા છે, તે સર્વ પરવસ્તુથી જુદો છે, પરવસ્તુઓ છે ખરી પણ તે આત્માથી જુદી છે. આત્મા અનંત ગુણના પિંડરૂપે પરથી ત્રિકાળ જુદો છે, જે છે તે પોતાથી પરિપૂર્ણ જ હોય તો જ તે ટકી શકે. જીવ ત્રિકાળી વસ્તુ છે, તે શું કરે તેનું વર્ણન ચાલે છે.

વિકારીભાવવાળો જીવ નજીક રહેલાં જડકર્મોનો કર્તા ઉપચારથી છે. છદ્મસ્થ જીવને હજી રાગ છે, તે કાંઈ સિદ્ધસમાન થઈ ગયો નથી; તેને રાગ છે તેથી કર્મ પણ બંધાય છે, કેમકે રાગને અને કર્મને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે. આમ હોવાથી

**—આ જાણીને પણ મૂઢ જીવ પામે નહીં ઉપશમ અરે!**
**શિવ બુદ્ધિને પામેલ નહિ એ પર ગ્રહણ કરવા ચહે. ૩૮૨. —શ્રી સમયસાર**

અસદ્‌ભૂત વ્યવહારે જીવને કર્મનો કર્તા એમ ઉપચાર કરવામાં આવે છે; પરંતુ 'અસદ્‌ભૂત' કહેતાં આત્મામાં કર્મનું કર્તાપણું ખરેખર નથી—એમ સમજાવ્યું છે. અજ્ઞાની જીવ આત્મસ્વભાવને જાણતો નથી તેથી તેની દૃષ્ટિ એકલા પરદ્રવ્ય ઉપર હોય છે. જો પોતે પોતામાં પરિણમે છે અર્થાત્ પોતે પોતાની અવસ્થાને જ કરે છે એવું ભાન હોય તો પોતાના સ્વભાવને જુએ, પરંતુ સ્વભાવની ખબર નથી તેથી 'હું આ રાગાદિરૂપે જ થનારો છું અને આ કર્મ મારાથી બંધાય છે' એમ અજ્ઞાની માને છે તેથી તેના જ્ઞાનમાં તો નય રહ્યો જ નહિ. કેમ કે તેને તો ઉપચારનું સાચું જ્ઞાન જ નથી. જ્યારે જ્ઞાની તો જાણે છે કે કર્મ બંધાય છે ત્યાં જીવના રાગાદિ ભાવનું નિમિત્ત છે તેથી જીવમાં કર્મના કર્તાપણાનો ઉપચાર આવે છે, પરંતુ પરમાર્થથી જીવ તેનો કર્તા નથી; આ પ્રમાણે જ્ઞાની ઉપચારનું બરાબર જ્ઞાન કરે છે તે જ વ્યવહારનય છે.

વળી નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી આત્મા કર્મના ફળનો ભોક્તા છે. પૈસા, મકાન, ખોરાક વગેરે કર્મનું ફળ છે, તેને ખરેખર આત્મા ભોગવી શકતો નથી. ખાવા-પીવાની ઈચ્છા હોય છતાં પક્ષઘાત વગેરે થઈ જાય તો તે કાંઈ ન થઈ શકે, તેમ જ્યારે ખાવાપીવાની ક્રિયા થતી હોય ત્યારે પણ ખરેખર તો આત્મા તે કરી શકતો નથી; પરંતુ જે જીવને પર ઉપર લક્ષ ગયું અને તેને ભોગવવાની વૃત્તિ ઊઠી તે જીવને ઉપચારથી ભોક્તાપણું લાગુ પડે છે. ત્યાં જે ઉપચારને જ મૂળ સ્વરૂપ માની લ્યે છે તે તો અજ્ઞાની છે. જ્ઞાની ઉપચારનું જ્ઞાન કરી લ્યે છે કે—જીવને જે વૃત્તિ ઊઠી તેને અને પરદ્રવ્યને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે તેથી તે વિકલ્પવાળો જીવ નિકટવર્તી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી કર્મના ફળનો ભોક્તા છે.

નિકટવર્તી અનુપચરિત = નજીકના સંબંધમાં રહેલું,

અસદ્‌ભૂત = સ્વરૂપમાં નહિ,

વ્યવહાર = પરાશ્રયદૃષ્ટિથી ઉપચાર,

નય = સમ્યગ્જ્ઞાનનું પડખું.

જડકર્મ ખરેખર આત્મામાં પેસી જતાં નથી પણ જીવનું તે તરફનું લક્ષ છે તેથી 'અસદ્‌ભૂત વ્યવહાર'થી તે કર્મનો ભોક્તા છે તેમ જ તે કર્મ નજીકના સંબંધમાં રહેલા

**શુભ ને અશુભ અનેકવિધ પૂર્વે કરેલું કર્મ જે,**
**તેથી નિવર્તે આત્મને, તે આતમા પ્રતિક્રમણ છે; ૩૮૩. –શ્રી સમયસાર**

હોવાથી તે વ્યવહારને 'નિકટવર્તી અનુપચરિત' કહ્યો છે. પરવસ્તુ આત્માના સ્વરૂપમાં નથી અને આત્મા તેનો ભોક્તા નથી પરંતુ જીવને કર્મનો સંયોગ છે અને તેના લક્ષે વિકલ્પ વર્તે છે—તેનું જ્ઞાન કરીને 'નિકટવર્તી અનુપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી જીવ કર્મનો ભોક્તા છે'—એમ કહ્યું.

ઉષ્ણ વસ્તુને આત્મા ભોગવી શકતો નથી, ઉષ્ણતા તો જડની પર્યાય છે, તેનો સંયોગ વર્તે છે ત્યાં વ્યવહારથી 'હું તેને ભોગવું' એવો વિકલ્પ જેને ઊઠે છે એવો જીવ જ્યાંસુધી નિમિત્ત ઉપર લક્ષ છે ત્યાંસુધી અસદ્ભૂતવ્યવહારથી ભોક્તા છે—એમ નિમિત્તમાં ઉપચાર કર્યો. જેને સંયોગ ઉપર લક્ષ હોય તેને ઉપચાર લાગુ પડે છે, પરંતુ જે જીવ અસંયોગી આત્મસ્વભાવની દૃષ્ટિમાં સ્થિત છે અને જેને પર લક્ષ નથી તેને તો પરનો ભોક્તા ઉપચારથી પણ કહી શકાતો નથી. ઉપચાર ક્ષણિક પર્યાયમાં હોય છે. ત્રિકાળી દ્રવ્ય-ગુણમાં પરના ભોક્તાપણાનો ઉપચાર થતો નથી. વર્તમાન પર્યાયમાં જેને પર લક્ષ છે તે પરનો ભોક્તા ક્ષણિક ઉપચારથી વર્તમાન પૂરતો છે. જો પરના ભોક્તાપણાનો ઉપચાર કાયમ હોય તો તે નિશ્ચય એટલે કે અનુપચાર—અસલ સ્વભાવ થઈ જાય તેથી સ્વભાવ અપેક્ષાએ તો ઉપચારપણું છે જ નહિ. આત્માનો સ્વભાવ તો આનંદસ્વરૂપનો ભોગવટો કરવાનો છે, પણ સ્વભાવનું લક્ષ ચૂકીને પર લક્ષ કરે છે તેને પર્યાયમાં ઉપચાર લાગુ પડે છે તેથી તે વર્તમાન વ્યવહારદૃષ્ટિથી પરનો ભોક્તા છે. 'વ્યવહારદૃષ્ટિથી છે' એમ કહેતાં 'સાચી રીતે—પરમાર્થદૃષ્ટિએ આત્મા પરનો ભોક્તા કદી નથી' એમ સમજવું.

૨—અશુદ્ધનિશ્ચયનયથી આત્મા પોતાના રાગાદિ ભાવનો કર્તા-ભોક્તા છે. રાગાદિભાવ તે આત્માની વર્તમાન મેલી હાલતમાં થાય છે, જડમાં થતા નથી. તે રાગાદિભાવ આત્મામાં થાય છે માટે 'નિશ્ચય', અને મલિન ભાવ છે માટે 'અશુદ્ધ' એ રીતે અશુદ્ધનિશ્ચયથી આત્મા રાગાદિનો કર્તા છે. જે વસ્તુ આત્માથી જુદી જ હોય તેનો કર્તા આત્માને કહેવો તે વ્યવહાર છે, પણ આત્માની અશુદ્ધ અવસ્થાનો કર્તા આત્મા અશુદ્ધનિશ્ચયથી છે. જો શુદ્ધનિશ્ચયથી આત્મા રાગાદિનો કર્તાભોક્તા હોય તો, શુદ્ધનિશ્ચયમાં તો કદી ફેર પડે નહિ તેથી, રાગાદિભાવો કદી આત્માથી જુદા પડે નહિ. દયાભક્તિ કે હિંસા વગેરેનો જે વિકલ્પ ઊઠે તે રાગ છે, એ રાગ આત્માની અવસ્થામાં

શુભ ને અશુભ ભાવી કરમ જે ભાવમાં બંધાય છે,
તેથી નિવર્તન જે કરે, તે આતમા પચખાણ છે. ૩૮૪. —શ્રી સમયસાર

થાય છે—આત્મા પોતે તે સમય પૂરતો રાગની અવસ્થારૂપે થયો છે—પોતે જે અવસ્થારૂપે થાય તેનો તે કર્તા છે. આ રીતે આત્મા રાગાદિનો કર્તા છે, પરંતુ રાગાદિ તે અશુદ્ધતા હોવાથી આત્મા તેનો અશુદ્ધનિશ્ચયથી કર્તા છે. શુદ્ધનિશ્ચયની અપેક્ષાએ રાગાદિનો કર્તા પણ વ્યવહારથી છે; પરંતુ અહીં પરદ્રવ્યનો કર્તા-ભોક્તા તે વ્યવહાર લીધો છે અને રાગાદિ તે આત્માની પર્યાય છે તેથી તેનો કર્તા-ભોક્તા અશુદ્ધનિશ્ચયથી છે—એમ લીધું છે. શેરડીના ઠંડા રસના સ્વાદનો ભોક્તા આત્મા નથી, રસનો સ્વાદ તે તો જડ છે અને ઠંડક તે પણ જડની દશા છે, આત્મામાં ઠંડકપણું નથી, આત્મા તો અરૂપી જ્ઞાનસ્વરૂપ જાણનાર છે. શેરડીના રસને પણ જાણે જ છે, જાણવામાં 'આ સ્વાદ સારો' એમ રાગ કરે છે અને હર્ષને ભોગવે છે. તેવી જ રીતે ઉનાળાની ગરમીને પણ આત્મા ભોગવતો નથી, ગરમીને જાણે જ છે. ગરમીને જાણતાં આત્મા ગરમ થઈ જતો નથી, પરંતુ ગરમી ઉપર જે અણગમાનો ભાવ થાય છે તે દ્વેષભાવનો આત્મા કર્તા છે અને શોકનો ભોક્તા છે—એ અશુદ્ધનિશ્ચયનયથી છે. પરમાર્થે રાગાદિનો ભોગવટો તે આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી.

૩—અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી આત્મા શરીરનો કર્તા-ભોક્તા છે. નારકી અને સ્વર્ગમાં વૈક્રિયિક શરીર હોય છે અને મનુષ્ય તથા તિર્યંચને ઔદારિક શરીર હોય છે. હું શરીરને ખરેખર હલાવી-ચલાવી શકું એમ માને તો મિથ્યાદૃષ્ટિ છે. 'શરીરની હાલવા-ચાલવારૂપ ક્રિયાનો હું નિમિત્ત છું' એમ શરીરની ક્રિયાનું લક્ષ જવું, તેમજ શરીર તરફના લક્ષે કાંઈ વૃત્તિ થાય તે વિકલ્પને અને શરીરની ક્રિયાને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે તેથી અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી જીવ શરીરનો કર્તા છે, એમ ઉપચાર કરવામાં આવે છે. ઉપચાર એટલે શું? જીવ શરીરનું કાંઈ કરી તો શકતો જ નથી, પણ જેમ ઉપચાર લાગુ પડે છે તે જીવ હજી સિદ્ધ થયો નથી અને તેને શરીર તરફનો વિકલ્પ વર્તમાન વર્તે છે તથા તે વખતે શરીરની ક્રિયા થાય છે, એ બતાવવા માટે, શરીરની ક્રિયામાં વિકલ્પનો આરોપ કરીને જીવને શરીરનો કર્તા કહ્યો તે ઉપચાર છે અને તે ઉપચારનું જ્ઞાન કરવું તે અસદ્‌ભૂત વ્યવહારનય છે. ખરેખર શરીરની ક્રિયા જડથી થાય છે, તેનો કર્તા આત્મા નથી, આમ જાણવું તે નિશ્ચય અને યથાર્થ છે.

(ક્રમશઃ) ❊

**શુભ ને અશુભ અનેકવિધ છે વર્તમાને ઉદિત જે,**
**તે દોષને જે ચેતતો, તે જીવ આલોચન ખરે. ૩૮૫. –શ્રી સમયસાર**

# વૈરાગ્ય-ભાવના



(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે અઢી દ્વીપની બહાર તિર્યંચો છે તેની વ્યવસ્થા હેમવત્પર્વત માફક છે એમ કહે છે :—

**माणुसखित्तस्स बहिं चरिमे दीवस्स अद्धयं जाव ।**
**सव्वत्थे वि तिरिच्छा हिमवदतिरिएहिं सारिच्छा ।।१४३।।**

અર્થ :—મનુષ્યક્ષેત્રની બહાર–માનુષોત્તર પર્વતની પેલી બાજુથી અંતના સ્વયંપ્રભદ્વીપના અર્ધા ભાગની આ બાજુ સુધીના વચ્ચેના સર્વ દ્વીપસમુદ્રનાં તિર્યંચો છે તે હૈમવત્ક્ષેત્રના તિર્યંચો જેવા છે.

ભાવાર્થ :—હેમવત્ક્ષેત્રમાં જઘન્યભોગભૂમિ છે. માનુષોત્તર પર્વતથી આગળના અસંખ્યાત દ્વીપ-સમુદ્ર તથા અર્ધા સ્વયંપ્રભ નામના છેલ્લા દ્વીપ સુધી સર્વ ઠેકાણે જઘન્યભોગભૂમિ જેવી રચના છે અને ત્યાંના તિર્યંચોનાં આયુષ્ય-કાય હેમવત્ક્ષેત્રના તિર્યંચો જેવાં છે.

હવે જલચરજીવોનાં સ્થાન કહે છે.

**लवणोए कालोए अंतिमजलहिम्मि जलयरा संति ।**
**सेससमुद्देसु पुणो ण जलयरा संति णियमेण ।।१४४।।**

અર્થ :—લવણોદધિ સમુદ્રમાં, કાલોદધિ સમુદ્રમાં તથા અંતના સ્વયંભૂરમણ સમુદ્રમાં જલચરજીવો છે, બાકીના વચ્ચેના સમુદ્રોમાં નિયમથી જલચરજીવો નથી.

આ લોક છ દ્રવ્ય સ્વરૂપ છે, લોકમાં સમાયેલા છ દ્રવ્યોમાંથી અહીં જીવના ભેદનું વર્ણન ચાલી રહ્યું છે. તેમાં કહે છે કે તિર્યંચ જીવ ક્યાં-ક્યાં રહે છે.

સર્વજ્ઞ ભગવાને કેવળજ્ઞાનની પ્રતીતિસહિત, સર્વજ્ઞ ભગવાને જોયેલા લોકના સ્વરૂપનું ધર્મી જીવ વિચાર કરે છે. અહો ! આત્માના ભાન વિના અનાદિકાળથી જીવ એવા અનેક સ્થાનોમાં જન્મ લઈ ચૂક્યો છે. હવે જ્ઞાનાનંદ સ્વભાવની પ્રતીતિ થવાથી

પચખાણ નિત્ય કરે અને પ્રતિક્રમણ જે નિત્યે કરે,
નિત્યે કરે આલોચના, તે આતમા ચારિત્ર છે. ૩૮૬. –શ્રી સમયસાર

ધર્મી જીવને ભાન થયું છે કે અવતાર અને અવતારનો ભાવ મારું સ્વરૂપ નથી, હું તો ચિદાનંદ જ્ઞાનમૂર્તિ છું, મારા સ્વરૂપમાં એવો સંસાર અને સંસારનો ભાવ નથી. આવી સમજણપૂર્વક ધર્મી જીવ વિચાર કરે છે.

હવે દેવનાં સ્થાન કહે છે. ત્યાં પ્રથમ ભવનવાસી-વ્યંતરનાં સ્થાન કહે છે :—

**खरभायपंकभाए भावणदेवाण होंति भवणाणि ।**
**विंतरदेवाण तहा दुह्नं पि य तिरियलोए वि ।।१४५।।**

અર્થ :—ખરભાગ અને પંકભાગમાં ભવનવાસીઓનાં ભવન તથા વ્યંતરદેવોનાં નિવાસ છે. વળી એ બંનેનાં તિર્યગ્લોકમાં પણ નિવાસ છે.

ભાવાર્થ :—એક લાખ એંશી હજાર યોજન જાડી પહેલી રત્નપ્રભા પૃથ્વી છે; તેના ત્રણ ભાગમાં (પ્રથમના) સોળ હજાર યોજનપ્રમાણ ખરભાગમાં અસુરકુમાર સિવાય બાકીના નવ કુમારભવનવાસીઓનાં ભવન છે, તથા રાક્ષસકુલ વિના સાત કુલ વ્યંતરોનાં નિવાસ છે; તથા બીજા ચોરાશી હજાર યોજનપ્રમાણ પંકભાગમાં અસુરકુમાર ભવનવાસી તથા રાક્ષસકુલ વ્યંતરો વસે છે. વળી તિર્યગ્લોક અર્થાત્ મધ્યલોક અસંખ્યાત દ્વીપ-સમુદ્રપ્રમાણ છે; તેમાં પણ ભવનવાસીઓનાં ભવન અને વ્યંતરોનાં નિવાસ છે.

આ જીવે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યા વગર અનંત ભવમાં રખડ્યો છે. સમ્યગ્દર્શન વગર આ પરિભ્રમણનો અંત આવી શકતો નથી. જે જીવ, આત્માના જ્ઞાનસ્વભાવનું ભાન કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરે છે, તે જીવ સિદ્ધાલયમાં ચાલ્યો જાય છે અને આત્માનું ભાન ન કરવાવાળો જીવ, સંસારમાં પરિભ્રમણ કરતો થકો નરકાદિ ગતિમાં ઉત્પન્ન થાય છે, માટે આમ જાણીને આત્માના જ્ઞાનસ્વભાવની ભાવના કરવી યોગ્ય છે.

હવે જ્યોતિષી, કલ્પવાસી તથા નારકીઓનાં નિવાસ કહે છે—

**जोइसियाण विमाणा रज्जूमित्ते वि तिरियलोए वि ।**
**कप्पसुराः उड्ढम्हि य अहलोए होंति णेरइया ।।१४६।।**

અર્થ :—એક રાજુ પ્રમાણ તિર્યગ્લોકમાં અસંખ્યાત દ્વીપ-સમુદ્ર છે તેના ઉપર જ્યોતિષીદેવોનાં વિમાન બિરાજે છે; કલ્પવાસી ઊર્ધ્વલોકમાં છે તથા નારકી અધોલોકમાં છે.

**જે કર્મફળને વેદતો નિજરૂપ કરમફળને કરે,**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને—દુખબીજને; ૩૮૭. –શ્રી સમયસાર**

આ વિશ્વમાં સાત નરકોમાંના પ્રત્યેક નરકમાં આ જીવ અનંતવાર ઉત્પન્ન થયો છે, ત્યાં દુઃખનો પાર નથી. જે જીવ ચૈતન્યસ્વભાવનો વિચાર કરતો નથી અને વિષય-ભોગોમાં લીન રહે છે તે જીવ નરકાદિમાં અવતાર લે છે.

અહા ! હું તો ચૈતન્યસ્વભાવી છું, રાગમાં અથવા વિષયોમાં મારું સુખ નથી, આ પ્રમાણે ધર્મી જીવને આત્મા પ્રત્યે રુચિ થાય છે, આત્મામાંથી રુચિ છૂટીને તેને વિષયોનો પ્રેમ થતો નથી. અહા ! મનુષ્યપણું દુર્લભ છે. વારંવાર તે પ્રાપ્ત થતું નથી. માટે આ મનુષ્યભવ પ્રાપ્ત કરીને ચૈતન્યસ્વભાવને ઓળખ ! આત્મા તો જ્ઞાનસ્વભાવી છે, તે લોકમાં બધું જાણે છે, સ્વર્ગને જાણે છે, નરકને જાણે છે પરંતુ પોતાને જાણતો નથી. આમ જ્ઞાનની પ્રતીતિપૂર્વક ધર્મી જીવ લોકના સ્વરૂપનો વિચાર કરે છે.

હવે જીવોની સંખ્યા કહે છે. ત્યાં પ્રથમ તેજ-વાયુકાયના જીવોની સંખ્યા કહે છે :—

**बादरपज्जत्तिजुदा घणआवलिया-असंखभागा दु ।**
**किंचूणलोयमित्ता तेऊ वाऊ जहाकमसो ॥१४७॥**

અર્થ :—અગ્નિકાય અને વાયુકાયના બાદરપર્યાપ્તિ સહિત જીવ છે તે યથાનુક્રમ ઘનઆવલીના અસંખ્યાતમા ભાગ તથા કંઈક ન્યૂન લોકપ્રદેશપ્રમાણ જાણવા.

ભાવાર્થ :—અગ્નિકાયના જીવ ઘનઆવલીના અસંખ્યાતમા ભાગ તથા વાયુકાયના કંઈક કમ લોકપ્રદેશપ્રમાણ છે.

હવે પૃથ્વી આદિની સંખ્યા કહે છે :—

**पुढवीतोयसरीरा पत्तेया वि य पइट्ठिया इयरा ।**
**होंति असंखा सेढी पुण्णापुण्णा य तह य तसा ॥१४८॥**

અર્થ :—પૃથ્વીકાયિક, અપકાયિક, પ્રત્યેક વનસ્પતિકાયિક, સપ્રતિષ્ઠિત વા અપ્રતિષ્ઠિત અને ત્રસ એ બધા પર્યાપ્ત-અપર્યાપ્ત જીવો છે તે જુદા જુદા અસંખ્યાત જગત્શ્રેણિ પ્રમાણ છે.

**बादरलद्धिअपुण्णा असंखलोया हवंति पत्तेया ।**
**तह य अपुण्णा सुहुमा पुण्णा वि य संखगुणगुणिया ॥१४९॥**

જે કર્મફળને વેદતો જાણે 'કરમફળ મેં કર્યું',
તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને—દુખબીજને; ૩૮૮. –શ્રી સમયસાર

અર્થ :—પ્રત્યેક વનસ્પતિકાય તથા બાદર લબ્ધ્યપર્યાપ્તક જીવ છે તે અસંખ્યાતલોકપ્રમાણ છે, એ જ પ્રમાણે સૂક્ષ્મ અપર્યાપ્તક પણ અસંખ્યાતલોકપ્રમાણ છે અને સૂક્ષ્મપર્યાપ્તક જીવ છે તે સંખ્યાતગુણા છે.

જુઓ ! આ બધા જીવો આત્માના જ્ઞાનમાં જ્ઞેય છે, પરંતુ જ્ઞાન કોઈને મારે અને કોઈને બચાવે—આ વાત નથી. તે સમસ્ત જીવ, જગતમાં સ્વતંત્ર તત્ત્વ છે, તેની પર્યાય પોતાની મેળે પલટે છે—આ જીવ તેને જાણે છે પરંતુ કોઈપણ પર્યાયમાં પરિવર્તીત કરી શકતો નથી. પરંતુ જીવને મારવો કે બચાવવો તેને પોતાને આધીન માનવાવાળો જીવ મિથ્યાદૃષ્ટિ છે. તેણે બધાને જ્ઞેય બનાવ્યું નથી એટલે કે જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરી નથી. માટે તેને સાચી લોકાનુપ્રેક્ષા થઈ શકતી નથી. ધર્મીને તો પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ છે, માટે તે આ બધાને પોતાના જ્ઞાનનું જ્ઞેય બનાવે છે.

જગતમાં પૂર્ણતા પ્રાપ્ત સિદ્ધ ભગવાન અનંત છે અને જગતના સમસ્ત જીવોમાં અપર્યાપ્તની સરખામણીમાં પર્યાપ્ત જીવ અસંખ્યાતગુણા છે. જુઓ, અપૂર્ણ અપર્યાપ્તિવાળા જીવોથી પૂર્ણ પર્યાપ્તિવાળા જીવો વધારે છે.

બાદર જીવ થોડા છે, સૂક્ષ્મ જીવ તેનાથી અનંત છે. બાદર જીવોમાં પર્યાપ્ત થોડા અને અપર્યાપ્ત વધારે છે. સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્ત થોડા અને પર્યાપ્ત વધારે છે. એટલે એકેન્દ્રિય અપર્યાપ્ત જીવ થોડા છે અને પર્યાપ્ત જીવ જગતમાં વધારે છે. જુઓ ! આ જગતની સ્થિતિ પણ જ્ઞાનમાં જ્ઞેય છે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૬ થી ચાલુ)

એ રીતે રાગાદિ સંયુક્તપણું અભૂતાર્થ હોવાથી વર્તમાનમાં જ આત્માને અસંયુક્તપણું છે એવી અનુભૂતિ થઈ શકે છે.

બદ્ધ-સ્પૃષ્ટ, અન્ય, અનિયત, વિશેષ તથા સંયુક્તપણું એ પાંચે ભાવ પર્યાયમાં છે ખરા. સર્વથા નથી જ એમ નથી. જ્યાં સુધી પર્યાયદૃષ્ટિ છે ત્યાં સુધી બદ્ધસ્પૃષ્ટત્વાદિ પાંચે ભાવો પર્યાયમાં હોવાથી વ્યવહારે તેઓ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. પર્યાયદૃષ્ટિથી આત્માને દેખતાં આત્મા ખંડ ખંડરૂપ જણાય છે, તેથી એક અખંડ જ્ઞાયકભાવનો અનુભવ થઈ શકતો નથી. પરંતુ જ્ઞાયકભાવની દૃષ્ટિ કરીને જ્ઞાયકભાવને અનુભવમાં લેતાં બદ્ધસ્પૃષ્ટત્વાદિ પાંચે ભાવો દેખાતા નથી, તેથી તેઓ અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

(ક્રમશઃ) ❋

**જે કર્મફળને વેદતો આત્મા સુખી-દુખી થાય છે,**
**તે ફરીય બાંધે અષ્ટવિધના કર્મને—દુખબીજને. ૩૮૯.　　–શ્રી સમયસાર**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

પ્રશ્ન :—આવો અનુભવ તો યોગી માટે સુલભ છે ?

સમાધાન :—યોગી એટલે જોડાણ કરનાર. જે પર્યાય રાગમાં જોડતો તે અયોગી છે, ને આત્મામાં જ્ઞાનપર્યાયને જોડે તે યોગી છે. તે સિવાય અન્ય કોઈ યોગી નથી. વેશધારી કે જટાધારી તે યોગી નથી. આત્માને સાધે તે યોગી છે. ભરત ચક્રવર્તીને ૯૬૦૦૦ રાણીઓ હતી, છતાં આત્માનું ભાન હતું તેથી યોગી હતા. બાકી મુનિ થાય પણ આત્માનું ભાન ન હોય તે યોગી નથી. જે આત્માના ભાનપૂર્વક ત્રણ કષાયને ટાળી મુનિ થયા, તે મહાયોગી છે ને સર્વજ્ઞપદ તેનું ફળ છે.

જ્ઞાન મારું સ્વરૂપ છે. રૂપ એટલે વર્ણ-ગંધ નહિ. અરૂપીપણું મારું સ્વરૂપ છે. ચિદાનંદ મારું સુખધામ છે. એ મારું સ્વરૂપ છે. આવો અંતર્ગતભાવ તે જ મોક્ષનો ઉપાય છે. ''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'' ચિદાનંદનું વલણ કરી અપૂર્ણ શુદ્ધતા પ્રગટે તે ઉપાય છે. તે ઉપાય વડે ઉપેય એટલે મોક્ષફળ પમાય છે. ''એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ''—આ એક જ રીત છે.

ઈન્દ્રપદ ને ચક્રવર્તીપદ આકુળતામાં નિમિત્ત છે. આમ જે ભવથી થાક્યો હોય તેને માટે આ વાત છે. પણ શેઠ થઈશું, પૈસાવાળા થઈશું—એવો ભાવ તે સંસારમાં રખડવાનો ભાવ છે. વર્તમાન પર્યાયને સ્વભાવ તરફ વાળતાં શુદ્ધપદ આરાધી શકાય છે, એ જ કલ્યાણની રીત છે. નિજપદ જ્ઞાનાનંદ છે, રાગાદિ તે નિજપદ નથી. મુનિવરો સ્વપંથને સાધીને સમાધિને પામ્યા. આધિ—સંકલ્પવિકલ્પ, વ્યાધિ—શરીરનો રોગ, ઉપાધિ—પરમાં એકત્વબુદ્ધિ, તેનાથી રહિત અંતર્મુખ થવું તે સમાધિ છે. કુંભક અને રેચકની ક્રિયા તે સમાધિ નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણે સમાધિ છે. જેમ સૂર્યને અને અંધકારને એકપણું નથી તેમ પુણ્ય-પાપ આંધળા છે. તેને મારા ચૈતન્ય સાથે એકપણું નથી. એવા આત્માને સાધીને નિર્ગ્રંથ પુરુષો સિદ્ધપદને પામી અશરીરી થયા. આ સિદ્ધદશા પામવાની રીત છે.

**રે ! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું—જિન કહે; ૩૯૦.** **–શ્રી સમયસાર**

આત્મા પોતાને ભૂલીને મલિન થયો છે. એક રજકણ બીજા રજકણને અડે નહિ, તો પછી આત્મા રજકણને અડે તેમ બને નહિ. જીવે પર્યાયમાં મોહને સ્પર્શ્યો છે. અસાવધાનીરૂપ વિકાર પર્યાયમાં થયો છે; પણ ત્રિકાળી સ્વભાવ મેલો થયો નથી. મેલી દશા પર્યાયમાં ન હોય તો દુઃખ ન હોય, ને ત્રિકાળી સ્વભાવ મેલો હોય તો રાગ કદી ટળે નહિ. વિકાર પોતે પર્યાયમાં ઊભો કરેલ છે, પણ વિકાર અનિત્ય ને દુઃખદાયક છે ને સ્વભાવ નિત્ય સુખદાયક છે.

એમ ભેદજ્ઞાન કરે તો સુખ પામે. આ તો બધી અંતરની વાત છે. પોતે અંતરમાં ભૂલ્યો છે માટે અંતરમાં જોવાની વાત છે. જ્યાં ભૂલ હોય ત્યાં ભૂલ ટાળવાનો ઉપાય ન કરે ને બાહ્ય ઉપાય કરે તો ભૂલ ટળે નહિ. શરીરની ક્રિયા કરીને ભૂલ સુધારવા માગે છે, શરીર જડ છે તેને ભૂલ ન હોય, ત્યા સુધી ભૂલ ટાળવાની વાત નથી. માટે જ્યાં ભૂલ છે ત્યાં ટાળવી જોઈએ. રાગ અને અવિકાર સ્વભાવની વચ્ચે છીણી મારી નિજજ્ઞાનનો અભ્યાસ કરવો. આત્મા અવિકારી સ્વરૂપ છે, અખંડ ચૈતન્યજ્યોત છે. એમા આનંદનો અનુભવ આણી મહામોહને ભેદવો. આનંદ પોતામાં છે, શરીર ને સ્ત્રી આદિમાં આનંદ નથી, બાહ્ય વ્રત-તપમાં આનંદ નથી. દુઃખરસ છે. સંસારના નામામાં વેપારી ચીવટ રાખે, અહીં તારા આત્માનો રોજમેળ કર્યો ! તારી શાંતિ તારા આનંદની પર્યાયના અનુભવમાં છે. શાંતિ કહો, અનુભવ કહો કે મોક્ષમાર્ગ કહો તે આત્મધર્મના પર્યાયવાચક નામો છે.

પોતાનું સ્વરૂપ છે તે પોતાનો સ્વભાવ છે. તેને નિજ ઉપયોગમાં સ્થિર કરે. ભગવાન આત્મા આદિ અંત વિનાનું તત્ત્વ છે. કર્મના રજકણની અંદર એવું ને એવું પડ્યું છે, કર્મમાં ગુપ્ત છે, કર્મના આવરણની વાત નથી, પણ જેમ ડાબલીમાં હીરો છે તેમ કર્મની અંદર ચૈતન્યહીરો છે. તેથી શું તે શક્તિનો અભાવ માનીએ ? જેમ કોઈનો પુત્ર ઘરમાં છે ને બજારમાં કોઈએ તેને પૂછ્યું આપને પુત્ર છે ? ત્યારે તે કહે કે મારે પુત્ર છે, અભાવ કહેતા નથી. બજારમાં સાથે ન હોય તેથી દીકરો નથી એમ ન કહેવાય પણ દીકરો છે એમ કહેવાય. વ્યવહારમાં પણ એ રીત છે કે છતાંને અણછતો ન કહે, તેમ શરીર સ્થૂળ ધૂળ છે, કર્મ સૂક્ષ્મ ધૂળ છે, તેમાં આત્મા નથી, પણ અંતરમાં આત્મા છે—એમ કહેવાય.

તે આત્મા રાગ અને કર્મમાં ન દેખાય, તેમ જ શરીરમાં પણ ન દેખાય, તેથી

**રે ! શબ્દ તે નથી જ્ઞાન, જેથી શબ્દ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, શબ્દ જુદો—જિન કહે; ૩૯૧. –શ્રી સમયસાર**

આત્મા ચાલ્યો ગયો છે એમ કહેવાય નહિ. વ્યવહારમાં રીત છે કે છતા પદાર્થને અછતો ન કરે, પણ હે ચિદાનંદ ! તારું તો આશ્ચર્ય આવે છે કે દર્શન-જ્ઞાન શક્તિ છતી હોવા છતાં મને દેખાય નહિ. મને જણાય નહિ. હું આત્મા હઈશ કે કેમ ? એમ કહે છે તે અચરજ લાગે છે.

પરણેલો માણસ વિદેશમાં બાર વરસ ગયો હોય, તેથી તેને કુંવારો ન કહેવાય, એમ અહીં કહે છે કે તું તારી છતી ચીજને ભૂલી ગયો છે. વિકારાદિ અણછતી ચીજને તેં છતી કરી છે. જાણનાર-દેખનાર સ્વભાવ સત છે, તે છતી શક્તિ છે. લોકમાં કહે છે કે સત ન છોડવું. ચિદાનંદ ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો છે. જૂની પર્યાય ટળે છે. નવી પર્યાય ઊપજે છે ને ગુણોરૂપે ધ્રુવ રહે એવું સત્ તારા દ્રવ્યનું લક્ષણ છે. એવા છતાં પદાર્થને અછતો ન કરાય. આવી છતી શક્તિ હોવા છતાં અણછતી રાખી છે તેનું કારણ કહેશે. (ક્રમશઃ) ❋

## કોણ સમ્યગ્દષ્ટિ છે ?

"શુદ્ધનય કતકફળના સ્થાને છે તેથી જેઓ શુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતા હોવાથી સમ્યગ્દષ્ટિ છે પણ બીજા (જેઓ અશુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દષ્ટિ નથી. માટે કર્મથી ભિન્ન આત્માને દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી" (સમયસાર ગા. ૧૧ ની શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ કૃત ટીકા)

"અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્ય-ગૌણ કરીને કહે છે. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિકાળથી જ છે. અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને એનો ઉપદેશ પણ વિરલ છે—ક્યાંક ક્યાંક છે; તેથી ઉપકારી શ્રીગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી (મુખ્યતાથી) દીધો છે કે—'શુદ્ધનય ભૂતાર્થ છે, સત્યાર્થ છે, એનો આશ્રય કરવાથી સમ્યગ્દષ્ટિ થઈ શકાય છે એને જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારનયમાં મગ્ન છે ત્યાં સુધી આત્માના જ્ઞાન-શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી, એમ આશય જાણવો." (સમયસાર ગાથા ૧૧નો ભાવાર્થ)

**રે ! રૂપ તે નથી જ્ઞાન, જેથી રૂપ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, રૂપ જુદું—જિન કહે; ૩૯૨.** –**શ્રી સમયસાર**

# સ્વાનુભવની પ્રેરણા

હે જીવ! તું આત્માનો રસિયો થા. આત્મરસિક થઈને રાગથી ભિન્ન આત્માનો અનુભવ કર. અનાદિથી આત્માને ભૂલીને પરનો પ્રેમ કર્યો. પરને પોતાનું માન્યું તે મોહને છોડીને હવે આત્મપ્રેમી થા. અંતર્મુખ ઉપયોગથી તારા આત્માને જો. ભાઈ! આ ઉત્તમ અવસર આવ્યો છે, આનાથી બીજો ક્યો કાળ આવવાનો છે? પ્રતિબોધનો આવો સુઅસર મળ્યો, આવું સ્પષ્ટ ભેદજ્ઞાન સંતોએ કરાવ્યું, તો હવે અત્યારે ચૈતન્યનો રસિક થઈને, મોહને છોડ, ને આત્માને ચૈતન્યસ્વરૂપે અનુભવમાં લે.

હે જીવ! આવો અવસર આવ્યો છે, માટે તું અત્યારે બીજી બધી પંચાત છોડીને આવા અનુભવનો ઉદ્યમી થા, સર્વ પ્રયત્ને આમાં જ જોડ. એકવાર આવો સ્વાનુભવ કર તો તારાથી સંસારથી નીવેડા આવે. સ્વાનુભવ વગર બીજો કોઈ ઉપાયથી નીવેડા આવે તેમ નથી. જગતના સંયોગથી એકવાર જુદો પડ. અંદરમાં વિકલ્પોથી પણ જુદો પડ. તે ઉપયોગસ્વરૂપમાં જ તન્મય થઈને રહે, તો સ્વાનુભવ ને સમ્યગ્દર્શન થાય.

## જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

### સમ્યગ્દષ્ટિનું વર્ણન

(સજ્જન સમ્યગ્દષ્ટિની પ્રશંસા કરતા પં. શ્રી બનારસીદાસજી કહે છે કે–)

ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ;
શીતલ ચિત્ત ભયો જિમ ચંદન,
કેલિ કરે શિવમારગમેં,
જગમાંહિ જિનેશ્વર કે લઘુનંદન.
સત્યસ્વરૂપ સદા જિન્હ કે;
પ્રગટ્યો અવદાત મિથ્યાત નિકંદન,
શાંતદશા તિનકી પહિચાની;
કરે કર જોરિ બનારસી વંદન.

(નાટક સમયસાર, મંગલાચરણ છંદ ૬)

અર્થ :–જેના અંતરમાં ભેદવિજ્ઞાનનો પ્રકાશ પ્રગટ થયો છે, તેનું હૃદય ચંદન સમાન શીતળ થયું છે, તે મોક્ષમાર્ગમાં કેલિ કરે છે અને આ જગતમાં તે જિનેશ્વરદેવના લઘુનંદન (યુવરાજ) છે; વળી સમ્યગ્દર્શન વડે જેના આત્મામાં સત્યસ્વરૂપ પ્રકાશમાન થયું છે અને મિથ્યાત્વનું નિકંદન કાઢી નાખ્યું છે એવા સમ્યગ્દષ્ટિ ધર્માત્માની શાંતદશાને ઓળખીને પંડિત બનારસીદાસજી તેમને હાથ જોડીને નમસ્કાર કરે છે.

### મિથ્યાદષ્ટિનું વર્ણન

ધરમ ન જાનત વખાનત ભરમરૂપ;
ઠૌર ઠૌર ઠાનત લડાઈ પક્ષપાતકી,
ભૂલ્યો અભિમાનમેં ન પાંવ ધરે ધરનીમેં;
હિરદેમેં કરની વિચારે ઉતપાતકી.
ફિરૈ ડાંવાડોલસો કરમ કે કલોલનિ મેં;
હવૈ રહી અવસ્થા જ્યું બઘૂલે કૈસી પાતકી,

**રે ! વર્ણ તે નથી જ્ઞાન, જેથી વર્ણ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, વર્ણ જુદો—જિન કહે; ૩૯૩. –શ્રી સમયસાર**

જાકી છાતી તાતી કારી કુટીલ કુવાતી ભારી;
એસો બ્રહ્મ-ઘાતી હૈ મિથ્યાતી મહા પાતકી.

(–કવિવર બનારસીદાસ, નાટક સમયસાર, મંગલાચરણ છંદ-૯)

અર્થ :–જે પોતે ધર્મને જરાપણ જાણતો નથી અને ધર્મના સ્વરૂપનું ભ્રમરૂપ વ્યાખ્યાન કરે છે, ધર્મના નામે દરેક પ્રસંગે પક્ષપાતની લડાઈ કર્યા કરે છે, જે અભિમાનમાં મસ્ત થઈને ભાન ભૂલ્યો છે અને જમીન પર પગ મૂકતો નથી (અર્થાત્ પોતાને મહાન સમજે છે), જે પોતાના હૃદયમાં હંમેશાં ઉત્પાતની કરણી જ વિચારે છે, તૂફાનમાં પડેલા પાંદડાની જેમ જેની હાલત શુભાશુભ કર્મોના તરંગમાં ડામાડોળ થઈ રહી છે, પાપની આગથી જેનું અંતર તપી રહ્યું છે–એવો મહા દુષ્ટ, કુટિલ, પોતાના આત્મસ્વરૂપનો ઘાત કરવાવાળો મિથ્યાદૃષ્ટિ મહાપાતકી છે.

## સ્વભાવનો અનુભવ કરવાની રીત

(વીર સંવત ૨૪૭૩ : પ્ર. શ્રાવણ વદ ૮ શ્રી સમયસારજી કળશ ૧૦૯ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના વ્યાખ્યાનનો ટૂંક સાર)

સિદ્ધ ભગવાન જ્ઞાનથી બધું માત્ર જાણે જ છે, જ્ઞાનમાં નથી તેમને વિકલ્પ, નથી રાગ-દ્વેષ, નથી કર્તૃત્વની માન્યતા, સિદ્ધની જેમ બધા જ આત્માનો સ્વભાવ જ્ઞાતાપણે માત્ર જાણવાનો છે;–આમ જે ઓળખે છે તે જીવ પોતાના જ્ઞાનસ્વભાવમાં ઢળીને વિકલ્પાદિ સર્વ પરભાવનો નિષેધ કરે છે; તેને જ્ઞાનસ્વભાવમાં એકતાબુદ્ધિ પ્રગટી છે, ને વિકલ્પમાં એકતાબુદ્ધિ તૂટી ગઈ છે; હવે જે વિકલ્પો આવે તે સર્વનો નિષેધ કરતો કરતો આગળ વધે છે. સાધક જીવ એમ જાણે છે કે, સિદ્ધનો અને મારો સ્વભાવ સરખો જ છે. તો પછી સિદ્ધમાં વિકલ્પાદિ નથી તે મારામાં પણ નથી, તેથી હું અત્યારે જ મારા સ્વભાવના જોરે તેનો નિષેધ કરું છું. મારા જ્ઞાનમાં બધાય રાગાદિનો નિષેધ જ છે. જેમ સિદ્ધભગવાન એકલા ચૈતન્ય છે તેમ હું પણ એકલા ચૈતન્યને જ અંગીકાર કરું છું.

ગમે ત્યારે પણ સ્વસન્મુખ થઈને સર્વ પુણ્ય-પાપ વ્યવહારનો નિષેધ કરવો એ જ મોક્ષમાર્ગ છે, તો પછી હમણાં જ તેનો નિષેધ કરવો યોગ્ય છે; કેમ કે તેના નિષેધરૂપ

**રે ! ગંધ તે નથી જ્ઞાન, જેથી ગંધ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, ગંધ જુદી—જિન કહે; ૩૯૪. –શ્રી સમયસાર**

સ્વભાવ હમણાં જ પૂરો છે. વર્તમાનમાં જ સ્વભાવની પ્રતીતિ કરતાં પુણ્ય-પાપાદિ વ્યવહારનો નિષેધ સ્વયં થઈ જાય છે. વર્તમાનમાં તો પુણ્ય-પાપનો નિષેધ નથી કરતો પણ પછી તેનો નિષેધ કરીશ—એમ જે માને છે તેના સ્વભાવની રુચિ નથી પણ પુણ્ય-પાપની જ રુચિ છે. જો તને સ્વભાવની રુચિ હોય અને સર્વે પુણ્ય-પાપ—વ્યવહારના નિષેધની રુચિ હોય તો સ્વભાવ સન્મુખ થઈને હમણાં જ નિષેધ કરવા યોગ્ય છે એમ નિર્ણય કર, રુચિને મુદત ન હોય. શ્રદ્ધા છે પણ શ્રદ્ધાનું કાર્ય નથી—એમ ન બને. શ્રદ્ધામાં નિષેધ કર્યા પછી પુણ્ય-પાપને ટળતાં થોડો કાળ લાગે તે જુદી વાત છે, પણ જેને સ્વભાવની રુચિ છે અને પુણ્ય-પાપના નિષેધની શ્રદ્ધા કરવા જેવી છે એવી ભાવના છે તે શ્રદ્ધામાં પુણ્ય-પાપનો નિષેધ વર્તમાનમાં જ કરે. વર્તમાનમાં શ્રદ્ધામાં પુણ્ય-પાપનો આદર કરે તો તેને તેના નિષેધની શ્રદ્ધા જ ક્યાં રહી? શ્રદ્ધા તો પૂરેપૂરા સ્વભાવને વર્તમાન જ માને છે.

જેને સ્વભાવની રુચિ થઈ—સ્વભાવનો આદર થયો અને પુણ્ય-પાપ વિકલ્પના નિષેધની રુચિ તથા આદર થયો, તેને અંતરમાંથી અધીરજ તૂટી ગઈ. હવે આખા સ્વભાવની રુચિમાં વચ્ચે જો કોઈ પણ રાગ-વિકલ્પ આવે તેનો નિષેધ કરીને સ્વભાવ તરફ ઢળવું એ જ એક કાર્ય રહ્યું. સ્વભાવની શ્રદ્ધાના જોરે તેનો નિષેધ કર્યો તે કર્યો, હવે એવો કોઈ પણ વિકલ્પ કે રાગ ન આવે કે જેમાં એકતાબુદ્ધિ થાય. અને એકત્વબુદ્ધિ વગર થતાં જે પુણ્ય-પાપના વિકલ્પો છે તેને ટાળવા માટે શ્રદ્ધામાં અધીરજ થતી નથી, કેમ કે મારા સ્વભાવમાં તે કોઈ છે જ નહિ એમ રુચિ થઈ પછી તેને ટાળવાની અધીરજ શેની રહે? સ્વભાવ તરફ ઢળીને તેનો નિષેધ કર્યો છે તેથી તે અલ્પકાળમાં ટળી જ જાય છે. 'તેનો નિષેધ કરું' એવો વિકલ્પ હોતો નથી પણ સ્વભાવમાં તે નિષેધરૂપ જ છે તેથી સ્વભાવનો અનુભવ-વિશ્વાસ કરતાં તેનો નિષેધ સ્વયં થઈ જાય છે.

જ્યાં આત્માના સ્વભાવની રુચિ થઈ ત્યાં જ પુણ્ય-પાપના નિષેધની શ્રદ્ધા થઈ ગઈ. આત્માના સ્વભાવમાં પુણ્ય-પાપ નથી તેથી આત્મામાં પુણ્ય-પાપનો નિષેધ કરવા જેવો છે—એવી રુચિ થઈ ત્યાં જ શ્રદ્ધામાં પુણ્ય-પાપ-વ્યવહારનો નિષેધ થઈ જ ગયો. રુચિ અને અનુભવ વચ્ચે વાર લાગે તેનો પણ નિષેધ જ છે, જેને સ્વભાવની રુચિ થઈ છે તેને વિકલ્પ તોડીને અનુભવ કરતાં વાર લાગે તોપણ તે વિકલ્પોનો તો તેને નિષેધ જ છે. જો વિકલ્પનો નિષેધ ન હોય તો સ્વભાવની રુચિ શેની? અને જો સ્વભાવની રુચિ

**રે ! રસ નથી કંઈ જ્ઞાન, જેથી રસ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, રસ જુદો—જિનવર કહે; ૩૯૫.** **–શ્રી સમયસાર**

વડે વિકલ્પનો નિષેધ વર્તે છે તો પછી તે વિકલ્પ તોડીને અનુભવ થવામાં તેને શંકા શેની? રુચિ થયા પછી જે વિકલ્પ રહે તેનો પણ રુચિ નિષેધ જ કરે છે તેથી રુચિ અને અનુભવ વચ્ચે કાળભેદનો સ્વીકાર નથી. જેને સ્વભાવની રુચિ થઈ છે તેને રુચિ અને અનુભવ વચ્ચે જે અલ્પકાળ વિકલ્પ હોય તેનો રુચિમાં નિષેધ છે; એ રીતે જેને સ્વભાવની રુચિ થઈ છે તેને અંતરથી અધીરજ હોતી નથી, પણ સ્વભાવની રુચિના જોરે જ બાકીના વિકલ્પો તોડીને અલ્પકાળમાં સ્વભાવનો પ્રગટ અનુભવ કરે છે.

આત્માના સ્વભાવમાં વ્યવહારનો, રાગનો, વિકલ્પોનો નિષેધ છે—અભાવ છે, છતાં જે વ્યવહારને, રાગને કે વિકલ્પને આદરણીય માને છે તેને સ્વભાવની રુચિ નથી, અને તેથી તે જીવ વ્યવહારનો નિષેધ કરીને સ્વભાવમાં કદી ઢળી શકશે નહિ. સિદ્ધ ભગવાનને રાગાદિનો સર્વથા અભાવ થઈ ગયો છે તેથી તેમને હવે વ્યવહારનો નિષેધ કરીને સ્વભાવમાં ઢળવાનું રહ્યું નથી. પણ સાધક જીવને પર્યાયમાં રાગાદિ વિકલ્પો વ્યવહાર વર્તે છે તેથી તે વ્યવહારનો નિષેધ કરીને સ્વભાવમાં ઢળવાનું છે.

હે જીવ! જો સ્વભાવમાં સર્વ પુણ્ય-પાપ વગેરેનો વ્યવહારનો નિષેધ જ છે તો પછી, 'હમણાં કાંઈક વ્યવહારનું અવલંબન કરી લઉં—પછી તેનો નિષેધ કરીશ' એવું આલંબન મોક્ષાર્થીને નથી, માટે પરાશ્રિત વ્યવહારનું આલંબન છોડીને તું સીધેસીધો ચૈતન્યને સ્પર્શ, કોઈ પણ વૃત્તિના આલંબનના શલ્યમાં ન અટક. સિદ્ધભગવાનની જેમ તારા સ્વભાવમાં એકલું ચૈતન્ય છે, તે ચૈતન્યસ્વભાવને જ સીધેસીધો સ્વીકાર, તેમાં ક્યાંય રાગાદિ દેખાતા જ નથી; રાગાદિ છે જ નહિ તો પછી તેના નિષેધનો વિકલ્પ કેવો? સ્વભાવની શ્રદ્ધાને કોઈપણ વિકલ્પનું અવલંબન નથી. જે સ્વભાવમાં રાગ નથી તેની શ્રદ્ધા પણ રાગથી થતી નથી. એ રીતે સિદ્ધસમાન પોતાના આત્માના ધ્યાન વડે એકલું ચૈતન્ય છૂટું અનુભવાય છે, ને ત્યાં સર્વ વ્યવહારનો નિષેધ સ્વયમેવ થઈ જાય છે. આ જ સાધકદશાનું સ્વરૂપ છે.

---

✻ વ્રત-તપ-જપથી આત્મપ્રાપ્તિ થશે—તે જેમ શલ્ય છે, તેમ શાસ્ત્ર અભ્યાસથી આત્મા પ્રાપ્ત થશે એવી જેની માન્યતા છે તે પણ શલ્ય છે. આત્મવસ્તુ તરફ દૃષ્ટિ કરતાં જ આત્મપ્રાપ્તિ થાય છે.

**રે! સ્પર્શ તે નથી જ્ઞાન, જેથી સ્પર્શ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, સ્પર્શ જુદો—જિન કહે; ૩૯૬.** **–શ્રી સમયસાર**

## છએ દ્રવ્યોની સ્વતંત્રતા દર્શક

## છ સામાન્ય ગુણો

(૧) અસ્તિત્વ ગુણ : કર્તા જગતનો માનતા જે કર્મ વા ભગવાનને,
ભૂલી રહ્યા તે દ્રવ્યના અસ્તિત્વ ગુણના જ્ઞાનને;
જન્મે-મરે નહીં કોઈ વસ્તુ ધ્રુવ સ્વાધીનતા લહે,
અસ્તિત્વની શ્રદ્ધા વડે નિર્ભય સુખી સૌ થઈ શકે.

(૨) વસ્તુત્વ ગુણ : વસ્તુત્વ ગુણના કારણે કરતા સહુ નિજ કાર્ય ને,
સ્વાધીન ગુણ-પર્યાયનું નિજ ધામમાં વસવું બને;
સામાન્ય ધ્રુવ વિશેષ ક્રમ દ્વારા કરે નિજ કામને,
વસ્તુત્વગુણ એમ જાણીને પામો વિમળ શિવ ધામને.

(૩) દ્રવ્યત્વગુણ : દ્રવ્યત્વગુણના કારણે હાલત સદા પલટાય છે,
કર્તા ન હર્તા કોઈ છે સહુ ટકીને બદલાય છે;
સ્વ દ્રવ્યમાં મોક્ષાર્થી થઈ સ્વાધીન સુખ લ્યો સર્વદા,
સ્વાશ્રયપણું જાણી કરો દ્રવ્યત્વની શ્રદ્ધા મહા.

(૪) પ્રમેયત્વ ગુણ : પ્રમેયત્વગુણના કારણે સહુ જ્ઞાનના વિષયો બને,
પરથી ન અટકે જ્ઞાન એ જાણો સહુ બુદ્ધિ વડે;
આત્મા અરૂપી જ્ઞેય નિજ આ જ્ઞાન તેને જાણતું,
છે સ્વ-પર સત્તા વિશ્વમાં નિઃશંકતાથી માનવું.

(૫) અગુરુલઘુત્વગુણ : અગુરુલઘુત્વગુણના કારણે, દ્રવ્યો સદા નિજરૂપ રહે,
કો દ્રવ્ય બીજા ગુણમાં ન ભળે, ન વિખરી જાય છે;
નિજ ગુણ-પર્યાયો બધા રહેતાં સતત નિજ ભાવમાં,
કર્તા ન હર્તા અન્યકો એ નિયમ નિત્યે છે મહા.

(૬) પ્રદેશત્વ ગુણ : પ્રદેશત્વગુણના કારણે આકાર વસ્તુ માત્રને,
નિજ ક્ષેત્રમાં વ્યાપકપણે, સ્વાધીનતા રાખી રહે;
આકારની મહત્તા નથી, બસ સ્વાનુભવમાં સાર છે,
સામાન્ય ને વિશેષગુણથી તત્ત્વ શ્રદ્ધા થાય છે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ ને રૂપાતીત–એમ ધર્મધ્યાનના જે ચાર પ્રકાર છે, તેમાં કેટલા સવિકલ્પ છે ને કેટલા નિર્વિકલ્પ છે?

ઉત્તર :—પરમાર્થે તો ચાર પ્રકારના ધર્મધ્યાન નિર્વિકલ્પ છે; કેમ કે જ્યારે વિકલ્પ છૂટીને ઉપયોગ સ્વમાં થંભે ત્યારે જ ખરું ધર્મધ્યાન કહેવાય. પહેલાં, પિંડસ્થ એટલે દેહમાં રહેલો શુદ્ધ આત્મા, પદસ્થ એટલે શબ્દના વાચ્યરૂપ શુદ્ધ આત્મા, રૂપસ્થ એટલે અરિહંત સર્વજ્ઞદેવ તથા રૂપાતીત એટલે દેહાતીત સિદ્ધ પરમાત્મા—એ ચાર પ્રકારના સ્વરૂપનું અનેક પ્રકારે ચિંતન બીજા વિકલ્પમાંથી છૂટીને મનને એકાગ્ર કરવા ટાણે આવે, તેને વ્યવહારે ધર્મધ્યાન કહેવાય, પણ પછી તેના વિકલ્પો છૂટીને નિજ સ્વરૂપમાં ઉપયોગ જામે ત્યારે ખરું ધર્મધ્યાન કહેવાય. આ રીતે ચાર પ્રકારના સવિકલ્પ ચિંતનને વ્યવહારે ધર્મધ્યાન કહ્યું, પરમાર્થ ધર્મધ્યાન નિર્વિકલ્પ છે. પરમાર્થ ધર્મધ્યાન વીતરાગ છે, ને તે જ મોક્ષનું સાધક છે.

પ્રશ્ન :—"પરમાત્મ-પ્રકાશ"માં પરમાત્માનું ધ્યાન તે ધર્મધ્યાન કહેલ છે—તે કેવી રીતે?

ઉત્તર :—પરમાત્માનું ધ્યાન કરવાનું કહ્યું છે તે પોતાથી ભિન્ન પરમાત્માનું નહિ, પણ પરમાત્માની જેમ પોતાનો સ્વભાવ પરિપૂર્ણ રાગાદિ રહિત છે તેને ઓળખીને તેનું જ ધ્યાન કરવું, તે જ પરમાર્થે પરમાત્માનું ધ્યાન છે. એ સિવાય સિદ્ધ કે અર્હંતનું લક્ષ કરવું તે સાચું ધર્મધ્યાન નથી પણ રાગ છે અને પરમાર્થે રાગ તે આર્ત્તધ્યાન વડે કદી ધર્મધ્યાન થાય નહિ.

પ્રશ્ન :—સ્થિરતા (ચારિત્ર)ને નજીકનો ઉપાય કેમ કહ્યો છે?

ઉત્તર :—કારણ કે સમ્યગ્દર્શન–જ્ઞાન પણ મોક્ષનો ઉપાય છે, પરંતુ

રે ! કર્મ તે નથી જ્ઞાન, જેથી કર્મ કંઈ જાણે નહીં,
તે કારણે છે જ્ઞાન જુદું, કર્મ જુદું—જિન કહે; ૩૯૭. –શ્રી સમયસાર

સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક સ્થિરતા મોક્ષનો સાક્ષાત્ ઉપાય છે. આ કારણથી સ્થિરતાને મોક્ષનો નજીકનો ઉપાય કહ્યો. સમ્યગ્દર્શન-જ્ઞાન પછી પણ સ્વરૂપમાં સ્થિરતા વગર મોક્ષ પ્રાપ્ત નથી થતો.

પ્રશ્ન :—સ્વામી કાર્તિકેય મુનિરાજ કહે છે કે જિનવચનની ભાવના માટે આ ભાવનાઓની રચના કરી છે—તેનો શું અર્થ?

ઉત્તર :—પહેલાં 'જિન વચન' કોને કહેવાય તે નક્કી કરવું જોઈએ. જિનવચનમાં કહેલાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેનું સ્વરૂપ જેમ છે તેમ સમજીને અને પ્રતીત કરીને ધર્મી જીવ આ ભાવનાઓ ભાવે છે, તેમાં તેને વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન અને વીતરાગી આનંદનો અંશ પ્રગટે છે. બાર ભાવનાઓનું ચિંતવન તે જ્ઞાન-વૈરાગ્યની વૃદ્ધિનું કારણ છે. બાર ભાવના ભાવનારની લાયકાત કેટલી? કે જેને વસ્તુસ્વરૂપનું યથાર્થ ભાન હોય તે જ ખરેખર બાર ભાવનાઓ ભાવી શકે. સમ્યગ્દર્શન વગર આ બાર ભાવના યથાર્થ હોતી નથી.'જિનવચનની ભાવના અર્થે' આ ભાવના રચી છે એટલે જેને જિનવચન અનુસાર વસ્તુસ્વરૂપનું ભાન હોય તેને જ આ બાર ભાવના હોય. જિનવચનથી વિરુદ્ધ કહેનારા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને જે માનતો હોય તેને બાર ભાવનાનું ચિંતવન સાચું હોય નહિ.

પ્રશ્ન :—સંસારભાવનાનો અર્થ શું સંસારની ભાવના કરવી તે છે?

ઉત્તર :—'સંસારભાવના' એમ કહ્યું તેમાં કાંઈ સંસારની ભાવના કે રુચિ નથી, રુચિ અને ભાવના તો સ્વભાવની જ છે. ધર્મી જીવ પોતાના સ્વભાવની દૃષ્ટિ રાખીને સંસારનું સ્વરૂપ ચિંતવતાં તેનાથી વૈરાગ્ય વધારે છે તેનું નામ 'સંસારભાવના' છે. અંતર્તત્ત્વના ભાન વિના બાર ભાવના યથાર્થ હોતી નથી.

પ્રશ્ન :—મોક્ષનું કારણ સમભાવ છે એ સમભાવ કરીએ તો મોક્ષ થાય ને?

ઉત્તર :—સમભાવ એટલે વીતરાગતા. એ વીતરાગતા દ્રવ્યને પકડે ત્યારે થાય. દ્રવ્યના આશ્રય વિના વીતરાગતા ન થાય. સમભાવનું કારણ વીતરાગ સ્વભાવી ભગવાન આત્મા છે. તેનો આશ્રય કરવો અને પરનો આશ્રય છોડવો. આ ટૂકામાં ટૂંકું છે.

**રે ! ધર્મ તે નથી જ્ઞાન, જેથી ધર્મ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, ધર્મ જુદો—જિન કહે; ૩૯૮.** **–શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી કેવી હૂંફ લાગતી હશે?

સમાધાન :—હૂંફ લાગે, કેમ કે પોતાને જે જોઈતું હતું તે મળી ગયું. દ્રવ્ય અનાદિનું હોવા છતાં તે એકત્વબુદ્ધિમાં ફરતો હતો, ક્યાંય તેને દિશા સૂઝતી ન હતી. તેમાં તેને સ્વભાવ ગ્રહણ થાય એટલે હૂંફ તો આવે ને! કે આ રહ્યો આત્મા! આત્મા પોતે જ છે. આત્મા જેને મુખ્ય–ઊર્ધ્વપણે ગ્રહણ થાય તેને તેની હૂંફથી શાંતિ થઈ જાય છે. અનાદિનું રખડવાનું બંધ થઈ ગયું, જે જોઈતું હતું તે મળી ગયું, મુક્તિનો માર્ગ મળી ગયો, આનંદનો–શાંતિનો માર્ગ મળી ગયો, આત્મદેવ મળી ગયા, પછી તેને શું જોઈએ?

પ્રશ્ન :—પદ્મનંદીમાં આવે છે કે તું લૌકિક સંગનો પરિચય તજ, તો સાવ પરિચય જ છોડી દેવો?

સમાધાન :—લૌકિક સંગનો પરિચય કરવાથી પોતાને નુકસાનનું કારણ થાય છે. તને પુરુષાર્થની મંદતા છે માટે સત્સંગ કર એમ શાસ્ત્રમાં આવે છે. સત્સંગ કરીને તું પુરુષાર્થ કર એમ કહેવું છે. લૌકિક સંગ તજી દેવાની શક્તિ હોય તો તજી દેવો. શક્તિ ન હોય તો તેનાથી રુચિ ઓછી કરીને, આત્માનો સંગ અને સત્પુરુષોનો સંગ કરવો. દેવ–શાસ્ત્ર–ગુરુના સાન્નિધ્યમાં રહેવું કે જેથી પોતાનો પુરુષાર્થ ઊપડવાનું કારણ બને. લૌકિક સંગ નુકસાનનું કારણ થાય છે. પોતાના પુરુષાર્થની મંદતા છે તેથી લૌકિક સંગની અસર થાય છે. એવો નિમિત્ત–ઉપાદાનનો સંબંધ છે. પોતાના પુરુષાર્થને માટે લૌકિક સંગની રુચિ પોતાને ન હોવી જોઈએ. લૌકિક સંગથી છૂટાય તો છૂટવું, લૌકિક સંગ તો છોડવા લાયક જ છે.

જેને સમ્યગ્દર્શન પ્રગટ થયું અને ગૃહસ્થાશ્રમમાં રહે છે, તે અંતરમાંથી ન્યારા થઈ ગયા છે. ભેદજ્ઞાનની ધારા પ્રગટી છે, સ્વાનુભૂતિની દશા વર્તે છે તેઓ પણ એવી

**અધર્મ તે નથી જ્ઞાન, જેથી અધર્મ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, અધર્મ જુદો—જિન કહે; ૩૯૯.** **–શ્રી સમયસાર**

ભાવના ભાવે છે કે ક્યારે હું સર્વસંગ પરિત્યાગી થઈને મુનિદશા અંગીકાર કરું? ક્યારે હું જંગલમાં જઈને આત્માનું ધ્યાન કરું? એવી ભાવના ભાવે છે. જેને સમ્યગ્દર્શન થયું છે, જે અંતરમાંથી ન્યારા થયા છે તે પણ આવી ભાવના ભાવે છે તો પછી જે મુમુક્ષુ જિજ્ઞાસુ છે તેણે લૌકિક સંગ છૂટી જાય ને દેવ–શાસ્ત્ર–ગુરુનું સાન્નિધ્ય મળે એવી રુચિ અને ભાવના કરવી તે લાભનું કારણ છે, તે પોતાનું ઉપાદાન પ્રગટ કરવાનું કારણ બને છે.

પ્રશ્ન :—વિકલ્પના કાળે પણ શું ધર્માત્મા સ્વઘરમાં જ રહેલા છે? જેટલી જ્ઞાયકતા પ્રગટ થઈ છે એટલી શાંતિ શું કાયમ રહે છે?

સમાધાન—સમ્યગ્દૃષ્ટિને પોતાનું ઘર છૂટતું નથી, ઘરમાં જ ઊભેલો છે. ઘરના બારણામાં ઊભેલો હોવા છતાં તેને ઘર છૂટ્યું નથી, શાંતિ જ છે. જ્યારે ઘરમાં આવવું હોય ત્યારે તેની પરિણતિ તે તરફ દોડી આવે છે. જોકે તે અમુક પ્રકારની અસ્થિરતાને લઈને બહારના પરિચયમાં બારણામાં ઊભો કોઈની સાથે વાતચીત કરતો હોય તે પુરુષાર્થની મંદતાને કારણે ઊભો છે, તો પણ ભાવના એવી છે કે આ ક્ષણે બધું છૂટી જતું હોય તો અંતરમાં લીન થઈ જાઉં અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ પ્રગટ કરી લઉં. તેની એટલી ભૂમિકા નથી કે વારંવાર મુનિની જેમ અંતર્મુહૂર્તે–અંતર્મુહૂર્તે અંદર ચાલ્યો જાય. તેવી દશા નથી, તો પણ કોઈ કોઈ વખતે પોતાના સ્વઘરમાં લીન થઈ જાય છે. બહાર ઉપયોગ જાય ત્યારે પણ સ્વઘરને છોડતો નથી. પોતાના સ્વઘરનું અસ્તિત્વ અને જ્ઞાયકતા ગ્રહણ કરી તે જ્ઞાયકતાની શાંતિ કાયમ વર્તે છે. તે જ્ઞાયકપણું છૂટીને બહાર જતો જ નથી, એકત્વબુદ્ધિ થતી જ નથી.

તેને બહારમાં એવો ઉત્સાહ નથી આવતો કે પોતાનું ઘર છોડીને બહાર ચાલ્યો જાય. અનેક જાતના ઉદયો આવે તેમાં એકત્વ થઈ જાય અને તેનો રસ વધી જાય એવું બનતું નથી. પોતાના ચૈતન્યઘરની–સ્વઘરની તેને એવી મહિમા છે કે ચૈતન્ય ગ્રહણ થયું તે છૂટતું નથી. ચૈતન્યના ઘરમાં જવું તે તેના હાથમાં છે. ચૈતન્યના ઘરમાં જવું તે માર્ગ તેના માટે સહજ અને સુગમ થઈ ગયો છે; પણ તેના પુરુષાર્થની મંદતાને લઈને ઉપયોગ બહાર ચાલ્યો જાય છે. ગૃહસ્થદશાને લઈને થોડી વાર બારણામાં ઊભા દેખાય છે, પણ પુરુષાર્થ ઊપડે તો અંદર ચાલ્યા જાય છે. ત્યાં ને ત્યાં ઊભા રહેતા નથી, સ્વરૂપમાં લીન થઈ જાય છે.

**રે ! કાળ તે નથી જ્ઞાન, જેથી કાળ કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, કાળ જુદો—જિન કહે; ૪૦૦.** –**શ્રી સમયસાર**

પ્રશ્ન :—બહિર્મુખ ઉપયોગથી સમ્યક શ્રદ્ધાને નુકસાન નથી થતું?

સમાધાન :—સમ્યક શ્રદ્ધા તે પ્રતીતિ છે. ઉપયોગ બહાર જાય છે, પણ શ્રદ્ધા–જ્ઞાનને નુકસાન થતું નથી. તે અસ્થિરતાનો દોષ છે. ઉપયોગ બહાર જાય એટલે તેની જ્ઞાયકતા કે પ્રતીતિને નુકસાન થઈ તેનું ઘર છૂટી જાય તેવું બનતું નથી.

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૫મી જન્મજયંતી (તા. ૨૪-૮-૨૦૧૮ થી તા. ૨૮-૮-૨૦૧૮)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના પ્રૌઢ શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૨૪-૮-૨૦૧૮, શુક્રવારથી તા. ૨-૯-૨૦૧૮, રવિવાર—દસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહારગામથી આવતા શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.

પરમોપકારી સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં
અખિલ સૌરાષ્ટ્ર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ આનંદોલ્લાસ સહ ઉજવે છે

## પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો
## ૧૦૫મો મંગલમય જન્મજયંતી મહોત્સવ

ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો મહામંગળકારી ૧૦૫મો જન્મજયંતી મહોત્સવ વિ.સં. ૨૦૭૪ના શ્રાવણ સુદ-૧૩, શુક્રવાર તા. ૨૪-૮-૨૦૧૮ થી શ્રાવણ વદ-૨, મંગળવાર તા. ૨૮-૮-૨૦૧૮ સુધી અત્યંત આનંદોલ્લાસ સહ ઉજવવામાં આવશે. આ પંચ દિવસીય કાર્યક્રમ શ્રી સમવસરણ મંડલ વિધાન પૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની અધ્યાત્મમર્મસભર વિડિયો તત્ત્વચર્ચા, ધાર્મિક શિક્ષણ શિબિર, સમાગત વિદ્વાનોના શાસ્ત્ર પ્રવચનો, વિધવિધ ભક્તિઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો એમ અનેકવિધ અનુષ્ઠાનો દ્વારા ઉજવવામાં આવશે. અમારી આ ભાવભીની ભક્તિમાં ભાગ લેવા આપ સૌ મુમુક્ષુ ભાઈ-બહેનોને સપરિવાર સુવર્ણપુરી(સોનગઢ) પધારવા અતિ આગ્રહભર્યું નિમંત્રણ છે.

નિમંત્રક

શ્રી અખિલ સૌરાષ્ટ્ર દિગંબર જૈન મુમુક્ષુ મંડળના જય જિનેન્દ્ર

નોંધ : નિમંત્રણ પત્રિકા લેખનવિધિ તા. ૨૨-૭-૨૦૧૮, રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે.

## બાળ વિભાગ

# આત્મજ્ઞાની વીર હનુમાન

### (અંજના-માતાની સાથે પુત્ર હનુમાનની ચર્ચા)

વનમાં મુનિરાજના દર્શન થતાં અંજનાને અતિ હર્ષ થયો હતો, તેના અમુક સમય વીત્યા બાદ અંજના સતીએ વનની ગુફામાં પુત્ર હનુમાનને જન્મ આપ્યો....ચરમશરીરી–મોક્ષગામી પુત્રના જન્મથી વનના વૃક્ષ પણ હર્ષથી ખીલી ઊઠ્યા અને હરણ, મોર આદિ પશુ-પક્ષી પણ આનંદથી નાચી ઊઠ્યા. વાચકમિત્રો ! તમે પણ આનંદ મનાવ્યો હશે, કેમકે જેવા મહાવીર આપણા ભગવાન છે, તેવા જ હનુમાન પણ આપણા ભગવાન છે.

ત્યારબાદ, સતી અંજનાના મામા અચાનક તે વનમાં આવ્યા અને અંજના તથા હનુમાનને પોતાની નગરી (નદીની વચ્ચે 'હનુરુહ' નામના દ્વીપ)માં લઈ ગયા....અને ત્યાં સર્વે આનંદથી રહેવા લાગ્યા. જુઓ, મહાન પુણ્યવાન અને આત્મજ્ઞાની એવા ધર્માત્મા બાળક 'હનુ' આનંદથી મોટા થઈ રહ્યા હતા. અંજના-માતા પોતાના લાડકા બાળકને ધર્મના ઉત્તમ સંસ્કાર આપતી હતી અને બાળકની મહાન ચેષ્ટાઓ જોઈને આનંદિત થઈ રહી હતી. આવા અદ્‌ભુત પ્રતાપી બાળકને જોઈને જીવનના બધા જ દુઃખો ભૂલી ગઈ અને આનંદિત થઈ જિનગુણોમાં ચિત્ત લગાવી જિનભક્તિ કરી રહી હતી. તથા હંમેશા વનવાસ વખતે ગુફામાં દર્શન કરેલા મુનિરાજને વારંવાર યાદ કરતી હતી.

બાળક હનુમાન પણ રોજ માતાની સાથે જિનમંદિર જતો હતો. ત્યાં રોજ દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા કરવાનું શીખી રહ્યો હતો અને મુનિઓના સંઘ જોઈને આનંદિત થતો હતો.

એક સમયે બાળક હનુમાનથી માતા અંજના પૂછે છે–"બેટા હનુમાન ! તને શું સારું લાગે છે ?

હનુમાન કહે છે–"માં મને એક તો તમે વહાલા લાગો છો અને બીજું આત્માનું સુખ વહાલું લાગે છે.

માતા કહે છે–'અરે બેટા ! મુનિરાજે કહ્યું છે કે તમે ચરમશરીરી છો, એટલે તમે આ જ ભવમાં મોક્ષસુખ પ્રાપ્ત કરી ભગવાન બનશો.'

હનુમાન કહે છે–"અહા, ધન્ય છે તે મુનરાજ ! ધન્ય છે !! હે માતા, જ્યારે મને તમારી જેવી માતા મળી, તો પછી હું બીજી માતા શા માટે કરું ? અને તમે પણ આ જ ભવમાં આર્યિકા વ્રત ધારણ કરી, અનંત ભવોનો અંત કરી શીઘ્ર મોક્ષ પ્રાપ્ત કરો."

અંજના કહે છે–"વાહ બેટા ! તમારી વાત તો સાચી છે ? સમ્યક્‌ત્વના પ્રતાપથી હવે ફરી આ નિંદ્ય સ્ત્રી પર્યાય નહીં મળે, હવે તો આ સંસાર દુઃખનો અંત નજદીક આવી

ગયો છે. બેટા, તમારો જન્મ થતા લૌકિક દુ:ખ નાશ પામ્યા અને હવે સંસાર-દુ:ખ પણ અવશ્ય દૂર થશે.''

હનુમાન કહે છે—''હે માતા ! સંસારના સંયોગ-વિયોગ કેટલા વિચિત્ર છે અને જીવો પ્રત્યે પ્રીતિ-અપ્રીતિના પરિણામ કેટલા ચંચળ અને અસ્થિર છે. એક ક્ષણમાં જે વસ્તુ પ્રાણોથી પ્રિય લાગતી હતી, બીજે ક્ષણમાં તે જ વસ્તુ અપ્રિય લાગે છે અને પછી તે જ વસ્તુ ફરીથી પ્રિય લાગવા માંડે છે. આ પ્રમાણે બીજા પ્રત્યે પ્રીતિ-અપ્રીતિના ક્ષણભંગુર પરિણામથી જીવ આકુળ-વ્યાકુળ થાય છે. માત્ર ચૈતન્યનો સહજ જ્ઞાનસ્વભાવ જ સ્થિર અને શાંત છે. તે પ્રીતિ-અપ્રીતિથી રહિત છે અને જ્ઞાનસ્વભાવની આરાધના સિવાય અન્યત્ર ક્યાંય સુખ નથી.''

અંજના કહે છે—''વાહ બેટા ! તમારી મધુર વાણી સાંભળી મનમાં પ્રસન્નતા થાય છે. જિનધર્મના પ્રતાપથી આપણે પણ એવી જ આરાધના કરીએ છીએ. જીવનમાં બધું જોયું, સુખમય આત્મા જોયો, તે જ પ્રમાણે દુ:ખમય સંસારને પણ જાણી લીધો. બેટા ! હવે તો બસ ! આનંદથી મોક્ષની સાધના કરવી છે.''

આ પ્રમાણે મા-બેટા (અંજના અને હનુમાન) ઘણીવાર આનંદથી ચર્ચા કરે છે. એક-બીજા પ્રત્યે ધર્મના સંસ્કારો વૃદ્ધિગત કરે છે.

ત્યાં હનુરુહ દ્વીપમાં હનુમાન, વિદ્યાધરોના રાજા પ્રતિસૂર્યની સાથે દેવની જેમ ક્રીડા કરે છે અને આનંદકારી ચેષ્ટાથી સર્વના મન આનંદિત કરે છે.

ધીમે-ધીમે હનુમાન યુવા થવા લાગ્યા. કામદેવ હોવાથી તેમનું રૂપ સોળે કળાએ ખીલી ઊઠ્યું, ભેદજ્ઞાનરૂપી વીતરાગવિદ્યા તો તેમનામાં હતી જ, પરંતુ આકાશગામિની વિદ્યા આદિ અનેક પુણ્ય વિદ્યાઓ તેમને સિદ્ધ થઈ. તે સમસ્ત જિનશાસનના અભ્યાસમાં નિપુણ થયા, તેમને રત્નત્રયની પરમપ્રીતિ હતી. દેવ-ગુરુ-શાસ્ત્રની ઉપાસનામાં તેઓ સદા તત્પર રહેતા હતા.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જૂન – ૨૦૧૮ના ઉત્તર

(૧) મોક્ષ આનંદ
(૨) સુખ સ્વભાવ, સુખ
(૩) આત્મજ્ઞાન
(૪) જ્ઞાન
(૫) દર્શન-જ્ઞાન-ચારિત્ર
(૬) પુણ્ય
(૭) સંસાર
(૮) મોક્ષ
(૯) શુદ્ધાત્મા
(૧૦) સ્વસન્મુખ
(૧૧) ચૈતન્યસુખ
(૧૨) સ્વર્ગ
(૧૩) રાગ, જ્ઞાન ચેતના
(૧૪) આત્મજ્ઞાન
(૧૫) સમ્યગ્જ્ઞાન, અજ્ઞાન
(૧૬) કષાય, આકુળતા
(૧૭) ઉપયોગ
(૧૮) મનુષ્ય, જૈન, જિનવાણી
(૧૯) આત્મા
(૨૦) દ્રવ્ય-ગુણ-પર્યાય

રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : બહેનશ્રીના વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન



## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

✻ **નંદીશ્વર અષ્ટાહ્નિકા** :—અષાઢ સુદ-૮, તા. ૨૦-૦૭-૨૦૧૮, શુક્રવારથી અષાઢ સુદ-૧૫, તા. ૨૭-૭-૨૦૧૮ શુક્રવાર સુધી સુવર્ણપુરીમાં નંદીશ્વર જિનાલયમાં નંદીશ્વર વિધાન પૂજા તથા ભક્તિના વિશેષ આરાધનાપૂર્વક ઊજવવામાં આવશે.

✻ **વીરશાસન જયંતી** :—અષાઢ વદ-૧, શનિવાર, તા. ૨૮-૭-૨૦૧૮ના રોજ શ્રી વીરશાસનજયંતી વિશેષ પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

સોનગઢ નિવાસી (હાલ ભાવનગર) શ્રી પ્રવીણભાઈ પ્રભુદાસ કામદાર (—તે બ્ર. વીણાબેન, સોનલબેનના મોટાભાઈ)નું (ઉ.વ. ૭૦) તા. ૩-૦૫-૨૦૧૮ના રોજ દેહપરિવર્તન થયેલ છે. તેઓએ બાળપણથી સોનગઢમાં રહી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન, વાણી, ચર્ચા, આહારદાનનો ઘણો જ લાભ લીધો હતો અને અંત સમય સુધી તેનું મનન, ઘોલન કરતા રહ્યા. તેમને પૂજ્ય બહેનશ્રી પ્રતિ અનન્ય ભક્તિ હતી.

વિંછીયા નિવાસી (હાલ ઘાટકોપર-મુંબઈ) ઇન્દિરાબેન ચંદુલાલ ધોળકીયા (ઉ.વ. ૮૪) (—તેઓ શ્રી ઘાટકોપર મંદિરના કારોબારી સભ્ય ચંદુલાલ હરિલાલ ધોળકીયાના ધર્મપત્ની) તા. ૨૭-૫-૨૦૧૮ના રોજ દેહ પરિવર્તન કરેલ છે. તેઓ છેવટ સુધી શુદ્ધિમાં તથા શાંત સ્વભાવી હતા. અવારનવાર સોનગઢ પૂજ્ય ગુરુદેવશ્રી તથા માતાજીની વાણીનો લાભ લેતા હતા.

શ્રી રૂક્ષ્મણિબેન વિજયભાઈ ખંધાર (—તેઓ બ્ર. જિનમતીબેનના ભાભી) તા. ૩૧-૫-૨૦૧૮ના રોજ દેહ પરિવર્તન કરેલ છે. જેમની સોનગઢ રહેવાની શરૂઆત સ્ટાર ઑફ ઇન્ડિયાના મકાનમાં રહીને કરી હતી. તેઓ જીવનના ૮૦ વર્ષ સોનગઢમાં જ સ્થિર રહીને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનો સતત લાભ લીધો હતો. શ્રી સીમંધર જિનમંદિરના શિલાન્યાસ સમયે શિલાન્યાસનો લાભ લીધો હતો. તત્ત્વની ઊંડી રુચિ અને દેવ-ગુરુ-શાસ્ત્રની અપાર ભક્તિ હતી.

ચોટીલા નિવાસી (હાલ રાજકોટ) સરલાબેન મનહરલાલ શાહ (વર્ષ-૮૬) તા. ૪-૬-૨૦૧૮ ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

જામનગર નિવાસી વાઘર પરિવારના મોભી માતુશ્રી વિજયાબેન ત્રંબકભાઈ (ઉ.વ. ૯૫)નું દેહપરિવર્તન તા. ૧૫-૬-૨૦૧૮ના રોજ થયેલ છે. છેલ્લી પળો સુધી સંપૂર્ણ જાગ્રત અવસ્થામાં 'જ્ઞાયક'નું રટણ તથા પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના ઉપકારને ભાવવંદન કરતા દેહ પરિવર્તન કરેલ. તેઓશ્રીને જિનવાણી પ્રત્યે અપાર ભક્તિ હતી. જામનગર મંદિર સ્થિત જિનવાણીના પુસ્તકોની વ્યવસ્થા શાંતિપૂર્વક તેમજ વ્યવસ્થિત સંભાળતા હતા. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાએ બતાવેલ સત્‌ધર્મ માર્ગે ચાલી ત્વરિત મોક્ષસ્વરૂપ પ્રાપ્ત કરે એવી ભાવના—

## (૫૯)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો)

(૧) સમ્યગ્દર્શનના આઠ અંગમાં .................. નો સમાવેશ થાય છે.
(પ્રવચનભક્તિ, અહિંસા, વાત્સલ્ય)

(૨) પાંચ પાંડવો પૈકી સહદેવ-નકુલ હાલ ............... માં છે.
(૧૬મા સ્વર્ગ, મોક્ષ, સર્વાર્થસિદ્ધિ)

(૩) ૧૩મું અને ૧૪મું ગુણસ્થાન એ ................. ઉપયોગનું ફળ છે.
(શુભ, શુદ્ધ, અશુદ્ધ)

(૪) એકલા પુદ્‌ગલ પરમાણુમાં ..............રૂપ પરિણમિત હોવાની શક્તિ હોતી નથી.
(રસ, શબ્દ, ગંધ)

(૫) પાંચમાં ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીના આઠ ગુણસ્થાન .................. ની મુખ્યતાથી છે. (ચારિત્ર મોહનીય, દર્શન મોહનીય, યોગ)

(૬) ક્ષાયિક સમ્યક્ત્વ હંમેશા ............... સમ્યક્ત્વપૂર્વક થાય છે.
(પ્રથમ ઉપશમ, દ્વિતીય ઉપશમ, ક્ષાયોપશમિક)

(૭) જીવ મિથ્યાત્વ ગુણસ્થાનથી સીધા ચોથા, પાંચમા કે ............... ગુણસ્થાન જાય છે. (છઠ્ઠા, સાતમા, બીજા)

(૮) ............... શરીર સૌથી સ્થૂળ હોય છે. (ઔદારિક, વૈક્રિયક, તૈજસ)

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત બોલ ૧૭૯માં આવે છે કે “આત્માને યથાર્થ સમજવા માટે પ્રમાણ, નય, નિક્ષેપરૂપ શુભ વિકલ્પનો વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી, પણ આત્માના અનુભવ વખતે તે ................ છૂટી જાય છે.
(વિચાર, આશ્રય, વિકલ્પ)

(૧૦) બહેનશ્રીનાં વચનામૃત બોલ ૩૪૩માં આવે છે કે “વસ્તુનું પામવું, તેમાં ટકવું એ આગળ વધવું બધું ............... થી જ થાય છે. (સમજણ, પુરુષાર્થ, ભક્તિભાવ)

(૧૧) કોઈ મનુષ્ય જન્મથી જ આંધળો અને બહેરો હોય તે ................ જીવ છે.
(સંજ્ઞી પંચેન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય)

(૧૨) ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ ................. શ્રેણી ચઢી શકે છે.
(ક્ષપક, ઉપશમ, ઉપશમ અથવા ક્ષપક)

(૧૩) ............ નયથી આત્મા કર્મજનિત ભાવનો ભોક્તા છે. (શુદ્ધ, અશુદ્ધ, નિશ્ચય)

(૧૪) ચંદના સતીએ ............. ભગવાનને મુનિદશામાં નવધા ભક્તિપૂર્વક આહારદાન કરેલ. (મહાવીર, પાર્શ્વનાથ, નેમિનાથ)

(૧૫) કોઈ જીવને ભૂખ લાગે અને ભોજન ન મળે ત્યારે જે દુઃખ થાય છે તેનું કારણ .............. છે. (ક્ષુધાવેદનીયનો ઉદય, અશાતાનો, મોહ)

(૧૬) કુંદકુંદ આચાર્યદેવએ સમયનો અર્થ આગમ કહી તેનું કથન કરવાની પ્રતિજ્ઞા ...............શાસ્ત્રમાં કરી છે. (પંચાસ્તિકાય, નિયમસાર, સમયસાર)

(૧૭) સમયસાર પરિશિષ્ટ ૪૭ શક્તિમાં પ્રથમ ............. શક્તિ છે. (જ્ઞાન, વિભુત્વ, જીવત્વ)

(૧૮) ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં, ધ્રૌવ્ય તે ............. છે. (ગુણ, પર્યાય, દ્રવ્ય)

(૧૯) આત્મા અને વિકારી ભાવ વચ્ચે ............... સંબંધ છે. (તાદાત્મ્ય, સંયોગ, અનિત્ય તાદાત્મ્ય)

(૨૦) પુદ્ગલનું લક્ષણ અચેતન–જડ માનવામાં આવે તો ............... દોષ આવે છે. (અતિવ્યાપ્તિ, અસંભવ, અવ્યાપ્તિ)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન જૂન–૨૦૧૮ના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| ૧) પાંડુક | ૬) દેવ | ૧૧) દેશાવધિ | ૧૬) વિરોધી |
| ૨) ગુણપર્યાયો | ૭) દ્રવ્ય | ૧૨) હેય | ૧૭) અષ્ટાહ્નિકા |
| ૩) દ્રવ્યકર્મ | ૮) બે | ૧૩) કર્તાપણું | ૧૮) કર્તા-કર્મ |
| ૪) નંદીશ્વર | ૯) નૈગમ | ૧૪) મોહનીય | ૧૯) ભૂત |
| ૫) અન્યોન્ય | ૧૦) પંચાસ્તિકાય | ૧૫) બે | ૨૦) મનુષ્ય |

## (૫૯)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છહઢાળાની ચોથી ઢાળમાંથી મળશે.)

(૧) જગતમાં સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી ........... હોય છે.

(૨) આત્મા ........... છે.

(૩) ........... માં જ્ઞાનાદિ અનંત ગુણો છે.

(૪) જૈન તત્ત્વના અભ્યાસનું ફળ ............. નો અનુભવ કરવો તે છે.

(૫) જૈન તત્ત્વ ............. થી ભિન્ન પોતાનું .......... તત્ત્વ દેખાડે છે.

(૬) ........... થી ભિન્ન .......... થી ભિન્ન, શુદ્ધ......... સ્વરૂપ જીવ છે.

(૭) અજીવને પોતાથી ........... જાણે તો ............ તત્ત્વની શ્રદ્ધા કરી કહેવાય.

(૮) ........... ની સન્મુખતા વડે ........... તત્ત્વ શ્રદ્ધા થાય છે.

(૯) આત્મહિતની ............... વિદ્યા તે જીવનો ખરો વૈભવ છે.

(૧૦) જિનવાણી મીઠી .......... જેવી......... નું સ્વરૂપ બતાવનારી છે.

(૧૧) જૈન શાસનનો ખરો લાભ ........... ને ઓળખી ......... નો અંત કરી લેવો.

(૧૨) ............. રૂપે પરિણમેલો જીવ તે હાલતું ચાલતું ........... છે.

(૧૩) સમ્યક્જ્ઞાન ............ નું સ્વરૂપ હોવાથી સદા ............ રહેનાર છે.

(૧૪) ............. ની લગનીમાં બહારની પ્રતિકૂળતા નડતી નથી.

(૧૫) જ્ઞાની શરીરને ........... ની માફક તેને ........... થી જુદું જાણે છે.

(૧૬) ............ અને ........... નું ભેદજ્ઞાન કરવું તે સાચો વિવેક છે.

(૧૭) પોતાના ............ અનંત ગુણ-પર્યાય તે જ્ઞાનીનું ........... છે.

(૧૮) આત્માનું ......... જ્ઞાન સદાય શાંતિ આપે છે.

(૧૯) ............ આનંદરૂપ છે ............ માં રાગના કોઈ અંશને ભેળવતું નથી.

(૨૦) .......... હોવા છતાં આત્મા ............ ના અનુભવમાં આવે છે.

## ભગવાન શ્રી બાહુબલી મુનિવર આરોહણ સાનંદ સંપન્ન

પરમોપકારી સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં નિર્માણાધીન જંબૂદ્વીપ-બાહુબલી જિનાયતન સંકુલમાં, આ ઊભય ધર્માત્માઓના કૃપાભીના આશીર્વાદથી, સમગ્ર મુમુક્ષુ સમાજ જેની આતુરતાથી રાહ જોઈ રહ્યો હતો—એ બાહુબલી જિનાયતનમાં પ્રતિષ્ઠેય બાહુબલી મુનિવરની પ્રતિમાનું આરોહણ તા. ૨૦-૬-૨૦૧૮, બુધવારના સવારે સાનંદ સંપન્ન થયેલ છે. ભગવાન બાહુબલી મુનિવરની પ્રતિમાને પહાડ ઉપર નિર્વિઘ્ન લઈ જવામાં આવેલ છે. આ અભૂતપૂર્વ દૃશ્ય નિહાળીને મુમુક્ષુ સમાજના હૃદય આનંદથી નાચી ઉઠ્યા હતા. આ પ્રસંગે સૌરાષ્ટ્ર, ગુજરાત તથા મુંબઈથી ઘણા મુમુક્ષુઓ પધાર્યા હતા.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● એક સમયની નિર્મળ પર્યાય જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે તેને રત્નત્રય કહ્યું છે તો તેનું ફળ જે કેવળજ્ઞાન પર્યાય તે મહારત્ન છે અને જ્ઞાનગુણની એક સમયની તે પર્યાય તે મહારત્ન છે તો તેવી અનંત અનંત પર્યાયનો ધરનાર જ્ઞાનગુણ તે મહારત્ન છે. એવા જ્ઞાન આનંદ આદિ અનંતા ગુણોરૂપ મહામહા રત્નોનો ધરનાર આત્મદ્રવ્ય એ તો મહારત્નોથી ભરેલો સાગર છે. એના મહિમાનું શું કહેવું ? અહો ! એનો મહિમા વચનાતીત છે. એ અપાર અપાર મહિમા અનુભવગમ્ય જ છે. આવા સ્વભાવનો વિશ્વાસ ને દૃષ્ટિ કરે તો ખબર પડે. ૨૯૬.

● અનુભવની શોભા ખરેખર આત્મદ્રવ્યને લઈને છે. આત્મદ્રવ્ય કૂટસ્થ હોવાથી જોકે અનુભવમાં આવતું નથી. અનુભવ તો પર્યાયનો જ થાય છે, પરંતુ પર્યાયે દ્રવ્યને સ્વીકાર્યું એ પર્યાયની શોભા આત્મદ્રવ્યને લઈને જ છે. ૨૯૭.

● સમયસાર એટલે સર્વજ્ઞની દિવ્યધ્વનિનું વર્તમાન પુરું રૂપ. બાર અંગ અને ચૌદ પૂર્વનું દોહન સમયસાર છે અને આખા સમયસારનું દોહન ૪૭ શક્તિઓ છે. શક્તિઓનું વર્ણન કરીને આત્માનું પરમાત્માપણું ખોલી નાખ્યું છે. આ શક્તિઓના વર્ણનમાં તો કેવળીના પેટ છે. ભરતક્ષેત્રમાં અજોડ શાસ્ત્ર સમયસાર છે. ૨૯૮.

● અહો ! સમ્યગ્દૃષ્ટિ જીવ છ છ ખંડના રાજ્યમાં ઊભા હોય છતાં તેના જ્ઞાનમાં જરીયે મચક નથી આવતી કે આ મારા છે અને છન્નુ હજાર અપ્સરા જેવી રાણીઓના વૃંદમાં ઊભા હોય છતાં જરીયે એમાં સુખબુદ્ધિ થતી નથી. અરે ! કોઈ નરકની ભીષણ વેદનામાં પડ્યા હોય તોપણ અતીન્દ્રિય આનંદની વેદનની અધિકતા છૂટતી નથી. એ સમ્યગ્દર્શનનું શું મહાત્મ્ય છે તે જગતને બાહ્યદૃષ્ટિથી કળવું કઠણ છે. ૨૯૯.

● દર્શનમોહ મંદ કર્યા વિના વસ્તુસ્વભાવ ખ્યાલમાં આવે નહિ અને દર્શનમોહનો અભાવ કર્યા વિના આત્મા અનુભવમાં આવે તેવો નથી. ૩૦૦.

● આત્માને માટે કાંઈક એવી પાછળ પડવું જોઈએ. આનું આ રટણ કરવું જોઈએ. જાગતાં, ઉંઘતા એનો પ્રયત્ન જોઈએ. એની રુચિનો પ્રકાર સરખો થવો જોઈએ. અંદરમાં પરમેશ્વર કેટલો મહાન છે ! એને જોવાનું કુતૂહલ જાગે તેને જોયા વિના ચેન ન પડે. ૩૦૧

આત્મધર્મ
જુલાઈ-૨૦૧૮
અંક-૧૧ ● વર્ષ-૧૨

Posted at Songadh PO
Publish on 1-7-2018
Posted on 1-7-2018

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org